પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૧૪૧ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૬-૦૨-૨૦૨૩ સોમવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ભાજપ પદયાત્રાથી ૧ કરોડ ખેડૂતો સુધી પહોંચશે

## ભારત જોડો યાત્રા બાદ કોંગ્રેસ હાથ સે હાથ જોડો અભિયાન ચલાવી રહી છે



નવીદિલ્હી,

ભાજપ પદયાત્રાથી ૧ કરોડ ખેડૂતો સુધી પહોંચશે, ભારત જોડો યાત્રા બાદ કોંગ્રેસ હાથ સે હાથ જોડો અભિયાન ચલાવી રહી છેનવીદુલ્દીૂઆગામી વિધાનસભા ચૂંટણી અને ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને રાજકીય પક્ષોએ દેશના દરેક ખૂણાં સુધી પહોંચવાની તૈયારીઓ કરી લીધી છે. ભારત જોડો યાત્રા પૂરી કરનાર કોંગ્રેસ હવે હાથ સે હાથ જોડો અભિયાન ચલાવી રહી છે. તો, ભાજપ બજેટની જાહેરાતોના વ્યાપક પ્રચાર માટે દેશભરમાં કાર્યક્રમોનું આયોજન કરી રહી છે.

આ ક્રમમાં, ખેડૂતોને બજેટની જાહેરાતો પહોંચાડવા અને તેમની પકડ મજબૂત કરવા માટે ભાજપ ૨૪ ફેબ્રુઆરીથી દેશવ્યાપી અભિયાન શરૂ કરશે. વર્ષભર ચાલનારી ઝુંબેશમાં એક લાખ ગામડાઓમાં પદયાત્રા કરીને એક કરોડ ખેડૂતો સુધી પહોંચવાનું લક્ષ્ય છે.

બીજેપી કિસાન મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજકુમાર ચાહરે કહ્યું હતું કે 'બજેટમાં સરકારે ઓર્ગેનિક ખેતી અને શ્રીઅન્ન (મોટા અનાજ) પર ઘણું ધ્યાન કેન્દ્રિત કર્યું છે. બજેટની જાહેરાતોને ખેડૂતો સુધી પહોંચાડવા માટે ૬થી ૧૨ ફેબ્રુઆરી સુધી દેશભરમાં કિસાન ચૌપાલ યોજાશે.'૧૩ ફેબ્રુઆરીએ દિલ્હીમાં કિસાન મોરચા, સોશિયલ મીડિયા અને પ્રાકૃતિક ખેતી સંબંધિત ટીમની ટ્રેનિંગ આપવામાં આવશે. રાજ્યોમાં પણ ટ્રેનિંગ પૂરી થયા પછી એક લાખ ગામડાઓમાં જનજાગૃતિ યાત્રા કાઢવામાં આવશે. કિસાન સન્માન નિધિના ચાર વર્ષ પૂરા થવા પર ૨૪ ફેબ્રુઆરીએ તમામ જિલ્લાઓમાં લાભાર્થીઓ સાથે સંવાદ અને સંપર્ક કરવામાં આવશે. નદીના કિનારે ખેડૂતોને ઓર્ગેનિક ખેતી સાથે જોડવા માટે અભિયાન ચલાવવામાં આવશે.

તમામ મુખ્ય નદીના કિનારે પદયાત્રાઓ કાઢવામાં આવશે. આ મહિનાના અંત સુધીમાં અથવા માર્ચના પહેલા અઠવાડિયામાં યુપીના મુઝફ્ફરનગરના શુક્તાલ ખાતે ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડા અને કેન્દ્રીય કૃષિ પ્રધાન નરેન્દ્ર સિંહ તોમરથી આની શરૂઆત કરવામાં આવશે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ૨૯-૩૦ જાન્યુઆરીએ કર્ણાટકમાં આયોજિત કિસાન મોરચાની રાષ્ટ્રીય કાર્યકારિણીની બેઠકમાં આ મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું કે મિશન ૨૦૨૪ માટે ખેડૂતો સુધી સક્રિયપણે પહોંચવું જરૂરી છે.

વારાણસીમાં તાજેતરમાં પૂરા થયેલા તમિલ સંગમમ કાર્યક્રમ પર, ભાજપ ઉત્તર ભારતના કાર્યકરો અને નેતાઓને દક્ષિણના પ્રખ્યાત સ્થળો પર લઈ જશે. જેમાં ભાજપના નેતાઓ સાંસ્કૃતિક, ધાર્મિક અને સ્થાપત્ય માટે પ્રખ્યાત સ્થળોની મુલાકાત લેશે. ત્યાં તે સ્થાનિક લોકો સાથે વાર્તાલાપ કરશે, યાત્રા કરશે અને ધાર્મિક સ્થળોએ પૂજા કરશે. તેમનો હેતુ ઉત્તર અને દક્ષિણ વચ્ચેના સંબંધોને વધુ મજબૂત કરવાનો છે.


અભિનેતામાંથી રાજકારણી બનેલા પવન કલ્યાણની જનસેના અને ટીડીપી આંધ્રપ્રદેશમાં જગનમોહન રેડ્ડીને પડકારવા માટે એકસાથે આવી છે. પવન કલ્યાણે પ્રદેશની યાત્રા પૂરી કરી દીધી છે. તેઓ ઈચ્છે છે કે ચંદ્રબાબુ નાયડુની આગેવાની હેઠળની ટીડીપી એનડીએમાં પાછા આવે, જો કે ભાજપ આ અંગે કંઈ કહી રહ્યું નથી. બીજી તરફ ટીડીપીના મહાસચિવ અને નાયડુના પુત્ર નારા લોકેશે ૪,૦૦૦ કિલોમીટર લાંબી યુવા ગલમ યાત્રા કાઢી છે. આ યાત્રા ૮માં દિવસે શુક્રવારે બંગારુપલયમ પહોંચી હતી. જ્યાં પોલીસે તેનું વાહન પણ જપ્ત કર્યું હતું.

ભારત જોડો યાત્રા બાદ કોંગ્રેસ હાથ સે હાથ જોડો અભિયાન ચલાવી રહી છે. કોંગ્રેસ મીડિયા સેલના પ્રમુખ પવન ખેરાએ કહ્યું હતું કે આ અભિયાનમાં કેન્દ્ર સરકાર વિરુદ્ધ એક પેજની ચાર્જશીટ લોકોને મોકલવામાં આવી રહી છે. ૧૧ જાન્યુઆરીથી શરૂ થયેલી પ્રજાધ્વનિ યાત્રાનો પહેલો તબક્કો કર્ણાટકમાં પૂર્ણ થયો છે. શુક્રવારે પ્રદેશ અધ્યક્ષ ડીકે શિવકુમારે મુલબાગલથી અને પૂર્વ મુખ્યમંત્રી સદ્ધારમૈયાએ ઉત્તર કર્ણાટકના બસવકલ્યાણથી યાત્રાની શરૂઆત કરી હતી. તેલંગાણા કોંગ્રેસના પ્રમુખ એ. રેવંત રેડ્ડી સોમવારથી યાત્રા શરૂ કરશે.

કર્ણાટકમાં પૂર્વ મુખ્યમંત્રી બીએસ યેદિયુરપ્પા અને મુખ્યંમંત્રી બસવરાજ બોમાઈના નેતૃત્વમાં ભાજપ જનસ્પંદન યાત્રા કાઢી રહી છે. અત્યારસુધી બન્ને નેતાઓએ ૬ જિલ્લા કવર કર્યા છે. કર્ણાટકના પૂર્વ ખુખ્યમંત્રી અને જેડીએસના પ્રદેશ અધ્યક્ષ એચડી કુમારસ્વામી જાન્યુઆરીથી પંચરત્ન રથયાત્રા પર છે. બે દિવસ પહેલા તેમની યાત્રા દાવણગેરે પહોંચી હતી.

તેલંગાણાના ઝસ કેસીઆરે પાર્ટીને રાષ્ટ્રીય નામ આપીને રાજકીય મહત્વકાંક્ષા વ્યક્ત કરી છે. બીજી તરફ, આંધ્રપ્રદેશના ઝસ જગનમોહન રેડ્ડીની બહેન શર્મિલા રેડ્ડીએ ૨ ફેબ્રુઆરીથી તેલંગાણામાં પ્રજા પ્રસ્થાનમ પદયાત્રાના બીજા તબક્કાની શરૂઆત કરી છે. તો, ભાજપ રાજ્યમાં કેસીઆર વિરુદ્ધ ૧૦ પ્રદેશોમાં ૧૧,૫૦૦ સભાઓ કરશે.

## ભગવાન જગન્નાથના નવા રથની તૈયારીઓ પૂરજોશમાં, રથનો પણ અભ્યાસ કરાયો



અમદાવાદ,

અમદાવાદમાં આ વર્ષે નીકળનારી રથયાત્રામાં ભગવાન નવા રથ ઉપર બિરાજમાન થઈ નગરચર્યાએ નીકળશે. રથયાત્રાને તો હજી વાર છે, પંરતું નવા રથ બનાવવાની તૈયારી પૂરજોશમાં ચાલી રહી છે. રથનું મોટાભાગનું સ્ટ્રક્ચર બનીને તૈયાર થઈ ગયું છે. ભગવાન શ્રી જગન્નાથ, તેમના ભાઈ બલભદ્ર અને લાડકી બહેન શુભદ્રાના રથનું કામકાજ ટૂંક સમયમાં પૂર્ણ થઈ જશે. આ રથ વલસાડી સાગમાંથી તો રથના પૈડાં સીસમના લાકડામાંથી તૈયાર કરવામાં આવી રહ્યાં છે. રથની ડિઝાઈન માટે જગન્નાથ મંદિરના ટ્રસ્ટી અને મહન્ત પુરી જઈ ત્યાંના રથનો પણ અભ્યાસ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, જૂના રથ જીર્ણ થઈ ગયા હોવાથી ભગવાન માટે હવે નવા રથ બનાવવાની જરૂર પડી છે.

અષાઢી બીજનો પર્વ એટલે ભગવાન જગન્નાથનો દિવસ જ્યારે ભાઈ બલરામ બહેન સુભદ્રા સાથે ભગવાન જગન્નાથ સાથે નગરચર્યા પર નીકળે છે, ઓડિશાના પુરીમાં આવેલ જગન્નાથ મંદિર વિશ્વવિખ્યાત છે. હિન્દુ ધર્મના પવિત્ર ચારધામ તીર્થમાંથી એક છે જગન્નાથપુરી. જગન્નાથ પુરીમાં ભગવાન વિષ્ણુના અવતારમાં કૃષ્ણ મંદિર આવેલું છે. પુરીમાં આવેલા જગન્નાથ મંદિરમાં દર વર્ષે લાખો ભક્તો દર્શન માટે આવતા હોય છે. ભારતમાં પુરીમાં સૌથી મોટી રથયાત્રા નીકળે છે. ત્યારબાદ અમદાવાદની રથયાત્રા સૌથી મોટી રથયાત્રા કહેવાય છે.


જેઠ સુદ પૂનમ એટલે ભગવાન જગન્નાથજીની રથયાત્રાનો વિધિવત્ પ્રારંભ થાય છે. ભગવાન જગન્નાથજીની પરંપરાગત રથયાત્રા તો અષાઢી બીજના રોજ નીકળે છે, પરંતુ જેઠ સુદ પૂનમે યોજાતો જળયાત્રા મહોત્સવ રથયાત્રાનું સૌપ્રથમ ચરણ છે. ભગવાન જગન્નાથજીની ૧૨ યાત્રાઓ પૈકીની મુખ્ય યાત્રા એવી જળયાત્રાને ખૂબ ધામધૂમથી ઊજવાય છે. સતયુગમાં બદ્રીનાથજી, ત્રેતાયુગમાં રામેશ્વર, દ્વાપરયુગમાં દ્વારકાધીશ તેમ જ કળીયુગમાં જગન્નાથજીનો મહિમા અપરંપાર છે.

રથયાત્રામાં મહોત્સવ ૧૦ દિવસનો હોય છે, આ પર્વ શુક્લપક્ષની અગિયારસના દિવસે પૂર્ણ થાય છે. આ દસ દિવસના ગાળામાં લાખોની સંખ્યામાં દર્શનાર્થીઓ ઉમટી પડે છે. ત્રણેય રથને ભવ્ય રીતે સજાવવામાં આવે છે. ભગવાન કૃષ્ણ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાજીને રથોમાં બેસાડીને ગુંડીચા મંદિર લઈ જવામાં આવે છે. મહિનાઓ પહેલાથી ભવ્ય રથયાત્રાની તૈયારીઓ શરૂ કરી દેવાય છે.

લોક વાયકા પ્રમાણે દ્વારકામાં ભગવાન કૃષ્ણની રાણીઓ બલરામના માતા રોહિણીને કૃષ્ણ ભગવાનની રાસલીલા કહેવા માટે કહે છે, પહેલા તો માતા રોહિણી માનતા નથી પરંતું રાણીઓની ઘણી વિનંતી બાદ તેઓ માની જાય છે. તે વખતે કૃષ્ણના બહેન સુભદ્રા ત્યા હાજર હતા, ભાઈની રાસલીલા વિશેની વાતચીત બહેન આગળ થાય તેવું રોહિણીને યોગ્ય ન લાગ્યું. તે સમયે રોહિણી સુભદ્રાને બહાર ભગવાન કૃષ્ણ અને બલરામ સાથે નગરચર્યા માટે મોકલી દે છે. ત્રણેય ભાઈ-બહેન જ્યારે નગરચર્યામાં નીકળે છે તે સમયે નારદમુનિ પ્રગટ થાય છે, ભગવાન કૃષ્ણ, ભાઈ બલરામ અને બહે સુભદ્રાને એકસાથે જોઈ નારદમુનિ પ્રસન્ન થઈ જાય છે. નારદમુનિ પ્રાર્થના કરે છે કે દર વર્ષે આ રીતે જ ત્રણેયના દર્શન થાય. નારદમુનિની નિર્દોષ પ્રાર્થના ફળી જાય છે અને ત્યારથી ભગવાન જગન્નાથની રથયાત્રા નીકળે છે.

### ચાઈનીઝ એપ પર ભારત સરકારની મોટી કાર્યવાહી

## ૧૩૮ સટ્ટાબાજ અને ૯૪ લોન એપ પર પ્રતિબંધ લગાવ્યો, સ્પેસ પ્રોવાઈડરની તપાસ થશે



નવીદિલ્હી,


ચીની લિંકવાળી સટ્ટાબાજ અને લોન આપનારી એપ્સ વિરુદ્ધ એક મોટી એક્શન લેતા કેન્દ્ર સરકારે ૧૩૮ સટ્ટાબાજ એપ્લ અને ૯૪ લોન આપનારી એપ્સને તાત્કાલિક બેન અને બ્લોક કરવાનું શરુ કરી દીધું છે. જાણકારીને સૂત્રોએ પુષ્ટિ કરી છે કે, ઈલેક્ટ્રોનિક્સ અને સૂચના પ્રોદ્યોગિકી મંત્રાલયે આ અઠવાડીયે કેન્દ્રીય ગૃહ મંત્રાલયે આવા એપ્સને બ્લોક કરવાનો નિર્દેશ મળ્યો. સૂત્રોએ આ પણ પુષ્ટિ કરી કે, મંત્રાલયે આ એપ્સને બ્લોક કરવાની પ્રક્રિયા શરુ કરી દીધી છે.

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે છ મહિના પહેલા ૨૮ ચીની લોન આપતી એપની તપાસ શરુ કરી હતી. તપાસમાં જાણવા મળ્યું કે, આવા ૯૪ એપ ઈ સ્ટોર પર આવેલા છે અને કોઈ અન્ય ત્રીજા પક્ષ સાથે લિંક દ્વારા કામ કરી રહ્યા છે. સૂત્રોએ ન્યૂઝ ૧૮ને જણાવ્યું છે કે, મોટા પાયે લોનમાં લોકોને ફસાવવા માટે જાળ પાથરીને આ એપ્સ જાસૂસી અને પ્રોપેગેન્ડાના હથિયાર તરીકે ઉપયોગમાં લેવાય છે. આ ઉપરાંત ભારતીય નાગરિકોના ડેટાની સુરક્ષાને ખતરો પણ હોય શકે છે. સૂત્રોએ કહ્યું કે, તેલંગણા, ઓડિશા અને ઉત્તર પ્રદેશ જેવા રાજ્યો સાથે સાથે કેન્દ્રીય ગુપ્તચર એજન્સીઓ કેન્દ્રીય ગૃહમંત્રાલયે આ એપ્સ વિરુદ્ધ કાર્યવાહી કરવાનું કહ્યું હતું.

તપાસકર્તાઓને જાણવા મળ્યું છે કે, સર્વર સાઈડ સિક્યોરિટીનો દુરુપયોગ કરીને આ એપ્સને જાસૂસી ઉપકરણોમાં બદલવાની ક્ષમતા છે. કારણ કે આ એપ્સની પાસે ભારતીયોના મહત્વના ડેટા સુધી પહોંચ છે. આવા ડેટા સુધી પહોંચવાનો ઉપયોગ મોટા પાયે દેખરેખ માટે થાય છે. બેન કરવામાં આવેલા લગભગ તમામ એપ ચીની નાગરિકોએ તૈયાર કર્યા હતા. જેમણે ભારતીયોને કામ પર રાખ્યા અને તેમને કામકાજને જવાબદારી સોંપી. લોકોને લોન આપવા માટે લલચાવ્યા બાદ તેમને વાર્ષિક વ્યાજ ૩,૦૦૦ ટકા વધારી દીધું. જ્યેર લોન લો દૂર વ્યાજ ચુકાવવામાં નાકામ રહ્યા તો, આ એપ્સે લોકોને પરેશાન કરવાનું શરુ કર્યું.

તેમાંથી કેટલાય એપ્લ હવે સ્માર્ટફોન પર ડાઉનલોડ કરવા માટે ઉપલબ્ધ નથી. પણ સૂત્રોનું કહેવું છે કે, સટ્ટાબાજ આ એપ અને ગેમ સ્વતંત્ર લિંક અથવા વેબસાઈટ દ્વારા ડાઉનલોડ કરી શકાય છે. ત્યાં સુધી કે, સીધા ઓનલાઈન અથવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પણ તેને રમી શકાય છે. તેમાંથી અમુક તો ચુકવણી માટે ક્રિપ્ટોકરન્સી પણ કબૂલ કરે છે. સૂચના અને પ્રસારણ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલી એડવાયઝરીમાં કહેવાયું છે કે, દેશના મોટા ભાગના હિસ્સામાં સટ્ટાબાજી અને જુગાર ગેરકાયદેસર છે. એટલા માટે આ સટ્ટાબાજી પ્લેટફોર્મની સાથે સાથે તેમને સરોગેટ્સની જાહેરાત પણ ગ્રાહક સંરક્ષણ અધિનિયમ ૨૦૧૯, કેબલ ટીવી નેટવર્ક વિનિયન અધિનિયમ ૧૯૯૫ અને આઈટી નિયમ ૨૦૨૧ અંતર્ગત ગેરકાયદેસર છે.

## કચ્છમાં ફરી એક વખત ધરા ધ્રુજી : ભચાઉમાં ૩.૧ની તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાયા



ભુજ,

કચ્છમાં ફરી એક વખત ધરતી ધ્રુજી છે. કચ્છના ભચાઉમાં ભૂકંપના આંચકા અનુભવાયા છે. રિક્ટર સ્કેલ પર આ ભૂકંપની તીવ્રતા ૩.૧ નોંધાઈ હતી. ભૂકંપનું કેન્દ્ર બિંદુ ભચાઉથી ૨૬ કિમી દૂર નોંધાયુ હતું. સવારે ૧૧:૧૧ વાગ્યે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. આ અગાઉ ૩૦ જાન્યુઆરીના રોજ એક જ કલાકની અંદર ભૂકંપના બે આંચકા અવનુભવાયા હતા. દુધઈ પાસે સવારે ૬.૩૮ કલાકે ૪.૫ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો. આ સિવાય ખાવડા પાસે સવારે ૫.૧૮ કલાકે ૩.૨ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો. વહેલી સવારે ભૂકંપનો આંચકો આવતા લોકોમાં ડરનો માહોલ સર્જાયો હતો.

## વર્તમાનમાં ઘઉંના ભાવ આસમાને પહોંચતા લોટ ખરીદવો મોંઘો થયો



નવીદિલ્હી,

વર્ષથી ઘઉંનું ઓછું ઉત્પાદન અને રશિયા-યૂક્રેનના કારણે માંગ વધતા દેશમાં ઘઉંનો ભાવ સતત વધી રહ્યો છે.જેના કારણે વર્ષભરમાં ઘઉંના ભાવ ૧૬ ટકા જેટલા વધ્યા છે અને ત્યારે વર્તમાનમાં દેશના કેટલાક રાજ્યોમાં પ્રતિ ક્વિન્ટલ ઘઉંના ભાવ રૂ.૩૦૦૦ને પાર થઈ ગયા છે.જ્યારે બીજીતરફ પૂર્વ ભારતની એપીએમસીમાં ઘઉંનો સ્ટોક ખુબ ઓછો જોવા મળી રહ્યો છે. આમ દેશભરમાં ઓછામાં ઓછા ટેકાના ભાવ એમએસપી ઉપર ઘઉં વેચાઈ રહ્યો છે.જેના કારણે ઘઉંના લોટનો ભાવ પણ વધી રહ્યો છે.આમ છેલ્લા એક વર્ષમાં લોટના ભાવમાં ૧૯ ટકાનો વધારો થતાં રૂ.૩૫ થી ૪૦ પ્રતિ કિલો મળી રહ્યો છે.દિલ્હીમાં પ્રતિ ક્વિટલ ઘઉંની કિંમત રૂ.૩,૦૪૪.૫૦ પર પહોંચી ગઈ છે.ઉત્તરપ્રદેશમાં ઘઉંની કિંમત રૂ.૩૦૦૦ પ્રતિ ક્વિન્ટરને પાર પહોંચી ગઈ છે.

## વાયુસેનાની ગજબની તાકાત, 'સૂર્ય કિરણ'ની કરતબ જોઈને લોકો દંગ રહ્યા

તિરુવનંતપુરમ,

ભારત દેશની પ્રસિદ્ધ સૂર્ય કિરણ એરોબેટિક્સ ટીમે કેરલના તિરુવનંતપુરમમાં એર શો કર્યો... આ શો શાંગુમુગમ બીચ પર કરવામાં આવ્યો હતો. એર શો દરમિયાન ભારતીય વાયુ સેનાએ શક્તિ પ્રદર્શન કર્યું હતું... ભારતીય વાયુ સેનાના વિમાનોની કરતબ જોઈને લોકો દંગ રહ્યા હતા. તમને જણાવી દઈએ કે, 'સૂર્ય કિરણ' એરોબેટિક્સ ટીમ સમયાંતરે અલગ-અલગ સ્કવાડ્રન એર શો મારફતે શક્તિ પ્રદર્શન કરતી રહે છે.

તમને જણાવી દઈએ કે, સૂર્ય કિરણ ટીમ એ વાયુસેનાની એરોબેટિક્સ પ્રદર્શન ટીમ છે.. વર્ષ ૧૯૯૬માં સૂર્ય કિરણ એરોબેટિક્સ ટીમની સ્થાપના થઈ હતી. જે વાયુસેનાની સ્કવોડ્રનનો ભાગ છે. આ ટીમ ઘણી વખત એર શો કરી ચૂકી છે. સ્કોટને ફેબ્રુઆરી ૨૦૧૧માં હટાવવામાં આવી હતી, પરંતુ ૨૦૧૭માં હોક એમકે ૧૩૨ વિમાન સાથે ફરીવાર સ્થાપના કરવામાં આવી હતી.

આ સ્કેટ ટીમમાં ૧૩ પાયલટ હતા. જેમાં માત્ર ૯ પાયલટ ઉડાન ભરે છે. આ ટીમ માટે પાયલટની નિમણૂક એક વર્ષમાં ૨ વખત કરવામાં આવે છે. જેની સમય મર્યાદા ત્રણ વર્ષ સુધીની હોય છે. માત્ર લડાકુ વિમાન ઉડાવવા માટે યોગ્ય પાયલટની પસંદગી કરવામાં આવે છે.

## આસામમાં CRPFને મળી સફળતા : મોટા પ્રમાણમાં હથિયારો અને દારૂગોળો જપ્ત

નવી દિલ્હી,

આસામના નલબાડી વિસ્તારમાં સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સના જવાનો અને આસામ પોલીસ દ્વારા સંયુક્ત ઓપરેશનમાં મોટા પ્રમાણમાં હથિયારો અને દારૂગોળો મળી આવ્યો છે. સીઆરપીએફની ૧૩૬મી બટાલિયને આ ઓપરેશન પાર પાડ્યું હતું. સીઆરપીએફના પ્રવક્તાએ જણાવ્યું કે, શનિવારે સીઆરપીએફ ઈન્ટેલિજન્સ દ્વારા આપવામાં આવેલી ગુપ્ત માહિતીના આધારે નલબાડી પોલીસ અને સીઆરપીએફની ૧૩૬મી બટાલિયનએ સેંગનોઈના જંગલોમાં એક વિશેષ ઓપરેશન હાથ ધર્યુ હતું અને હથિયારો અને દારૂગોળોનો મોટો જથ્થો જપ્ત કર્યો હતો. જપ્ત કરાયેલા વિસ્ફોટકો અને હથિયારોમાં ૪ પિસ્તોલ, ૨ એર પિસ્તોલ, ૭ મિક્સ્ડ મેગેઝીન, ૭૯ એકે શ્રેણીની કુલ ૧૦૭ રાઉન્ડ ગોળીઓ, ૫ ડિટોનેટર, ૪ હાથથી બનાવેલા કારતૂસ અને ૬૦૦ ગ્રામ અજાણ્યા વિસ્ફોટકો વગેરે સામેલ છે. એક અધિકારીએ જણાવ્યું કે પ્રારંભિક તપાસમાં એવું લાગે છે કે શંકાસ્પદ આતંકવાદીઓએ જંગલ વિસ્તારમાં હથિયારો અને દારૂગોળો છુપાવ્યો હતો. જો કે, હજુ સુધી એ જાણી શકાયું નથી કે જપ્ત કરાયેલા વિસ્ફોટકો અને હથિયારો કઈ સંસ્થાના છે. નલબાડીમાં આટલા મોટા જથ્થામાં હથિયાર અને વિસ્ફોટકો મળી આવતાં વિસ્તારમાં સનસનાટી મચી ગઈ છે. આ અગાઉ પણ ડિસેમ્બર ૨૦૨૨માં ૩ રાજ્યોમાં સુરક્ષા દળોએ અલગ-અલગ ઓપરેશન દરમિયાન ૫ નક્સલવાદીઓની ધરપકડ કરી હતી. આ સાથે જ ૭ નક્સલવાદીઓએ આત્મસમર્પણ કર્યું હતું.


## શહેરા નગરપાલિકા

### જાહેર નિવિદા

### ટેન્ડર નોટીસ નં.૧૧, વર્ષ ૨૦૨૨-૨૩

મુખ્ય અધિકારી, શહેરા નગરપાલિકા, જિ.પંચમહાલ દ્વારા (૧) સ્વચ્છ ભારત મિશન ૨.૦ તથા ૧૫ માં નાણાપંચ યોજના હેઠળની ગ્રાન્ટમાંથી શહેરા નગરપાલિકા વિસ્તારમાં આવેલ ઘનકચરા લેગર્સી વેસ્ટની કામગીરી (બાયો રેમીડીએશન) માટેની કામગીરી કરવાના કામો માટે રૂા.૨,૬૧,૪૪,૪૦૦.૦૦ તથા (૨) અમૃત ૨.૦ યોજના (SWAP - 1) હેઠળ શહેરા નગરપાલિકાવિસ્તારમાં ગામ તળાવ ડેવલોપમેન્ટના કામે પાંચ વર્ષના મરામત અને નિભાવણી સહિત (બીજો પ્રયત્ન) રૂા.૮૩,૨૮,૬૭૪.૦૩ તથા (૩) શહેરા નગરપાલિકા વિસ્તારમાં સરકારશ્રીની વિવિધ યોજનાઓ માટે તાંત્રિક તજજ્ઞો (કન્સલટન્ટ એજન્સી) પાસેથી કન્સલટન્સીના ઓનલાઈન ભાવ (ત્રીજો પ્રયત્ન) રજીસ્ટર કોન્ટ્રાકટરો પાસે થી ઓન લાઈન ટેન્ડર પ્રદ્ધતિથી ભાવો મંગાવવામાં આવે છે.

ટેન્ડર તા.૨૧/૦૨/૨૦૨૩ સમય ૧૮.૦૦ કલાક સુધી ડાઉનલોડ તથા સબમીશન કરી શકાશે. તથા ટેન્ડર ફી, ઈ.એમ.ડી. તથા બીજા ડોકયુમેન્ટ તા.૨૭/૦૨/૨૦૨૩ સમય ૧૬.૦૦ કલાક સુધી નગર સેવા સદન કચેરી કામકાજ સમય દરમ્યાન રજુ કરવાનુ રહેશે. આ ટેન્ડર અંગેની શરતો અને માહિતી માટે વેબસાઈટ www.nprocure.com પરથી મળી શકશે.

**શહેરા નગરપાલિકા**

માહિતી/ગોધરા/૯૦૭/૨૦૨૩


## દિલ્હી સરકારની સેવાઓ પર એલજી અને કેન્દ્ર સરકારનો કબજો : ડેપ્યુટી મુખ્યમંત્રી સિસોદિયાનો આરોપ

નવીદિલ્હી,

દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાએ એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, લેફ્ટનન્ટ ગવર્નર વી.કે. સક્સેના અને કેન્દ્ર સરકારે ગેરબંધારણીય રીતે દિલ્હી સરકારની સેવાઓ પર કબજો જમાવ્યો છે. જો આવું ન થયું હોત તો દિલ્હીની તમામ સરકારી શાળાઓમાં તેમના પોતાના આચાર્યો હોત. પરંતુ તેના કારણે આજે આપણે વાઈસ પ્રિન્સિપાલથી કામ ચલાવવું પડે છે. તેઓએ પ્રિન્સિપાલની અપોઈન્ટમેન્ટ અને પ્રિન્સિપાલની નિમણૂકમાં રસ નથી. મનીષ સિસોદિયાએ વધુમાં કહ્યું કે આ દિલ્હીના ૧૮ લાખ બાળકો માટે પ્રિન્સિપલની વ્યવસ્થા નથી. ૨૦૧૫માં સીએમ અરવિંદ કેજરીવાલ પાસે સર્વિસ કમિશન હતું અમે ભાગ દોડ કરીને ઘણી પેન્ડિંગ પોસ્ટ ક્લિયર કરાવી. ત્યાર બાદ તેઓએ સેવા સંસ્થા પર કબજો કર્યો. અગાઉ તમામ ફાઈલો મારા દ્વારા યુપીએસસીમાં જતી હતી પરંતુ તેઓએ કંઈ ન કર્યું. અગાઉ સિસોદિયાએ કહ્યું હતું કે, સરકારને જમીન, જાહેર વ્યવસ્થા અને પોલીસ સિવાય દરેક બાબતમાં નિર્ણય લેવાનો અધિકાર છે, પરંતુ GNCTD સુધારા કાયદાને કારણે અમે તેને મોકલી શકતા નથી. અગાઉ અમારે LG પાસેથી પરવાનગી લેવાની જરૂર નહોતી. GNCTD એક્ટમાં સુધારો કરીને તેમણે ન્એને આ સત્તા આપી છે જેના કારણે તેઓ દરેક બાબતમાં અવરોધ ઊભો કરી રહ્યાં છે. આ અમેન્ડમેન્ટ ગેરબંધારણીય અને ગેરકાયદેસર છે. સિસોદિયાએ કહ્યું કે અમે આને કોર્ટમાં પડકાર્યું છે પરંતુ તેનો દુરુપયોગ કરીને શિક્ષકોની તાલીમ બંધ ન કરવી જોઈએ. મનીષ સિસોદિયાએ કહ્યું કે તેઓ એલજીને વિનંતી કરે છે કે સુધારો અધિનિયમનો દુરુપયોગ ન કરે અને શિક્ષકોને વિદેશ મોકલવા માટેની ફાઈલમાં વધારો કરે. શિક્ષકોની તાલીમની ફાઈલ અટકાવશો નહીં.

## સુપ્રીમ કોર્ટનો જન્મદિવસ : વિશ્વની સૌથી વ્યસ્ત કોર્ટમાં ભારતની સુપ્રીમ કોર્ટનો સમાવેશ, સિંગાપુરના મુખ્ય ન્યાયાધીશે કહી મોટી વાત

નવીદિલ્હી,

સિંગાપુરના મુખ્ય ન્યાયાધીશ સુંદરેશ મેનને ભારતની સુપ્રીમ કોર્ટની ૭૨મી વર્ષગાંઠના સમારંભમાં સામેલ થવા માટે પહોંચ્યા હતા. તેમણે આ અવસર પર બદલાતી દુનિયામાં ન્યાયાપાલિકાની ભૂમિકા પર એક વ્યાખ્યાયન આપ્યું અને કહ્યું કે, આ કેસલોડના કારમે દુનિયાની સૌથી વ્યસ્ત કોર્ટ છે.વ્યાખ્યાયન આપતા કહ્યું કે, આપણે સહજતાથી ન્યાય આપવા માટે આધુનિકીકરણ કરવું જોઈએ. કેમ કે દુનિયા બહુ બદલાઈ ગઈ છે. તેમણે કહ્યું કે, જ્યારે ન્યાયપાલિકા સારી રીતે કામ કરે છે, તો તે તમામને એકજૂથ કરવામાં ગુંદરની માફક કામ કરે છે. ન્યાયમૂર્તિ મેનને તે વિવિધ પડકારોનો પણ પ્રકાશ પાડ્યો, જેની દુનિયાભરની ન્યાયિક પ્રણાલી સામનો કરી રહી છે અથવા ભવિષ્યમાં સામનો કરશે. તેમણે કહ્યું કે, ન્યાયાધીશોને સાર્વજનિક સંચારનું સન્માન કરવું જોઈએ, કેમ કે આ સામાજિક અને આર્થિક સંરચનાઓને લખવામાં મહત્વની ભૂમિકા નિભાવે છે. સિંગાપુરના મુખ્ય ન્યાયાધીશ સુંદરેશ મેનને શુક્રવારે રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ સાથે મુલાકાત કરી અને તમામ માટે સુલભ ન્યાય સુનિશ્ચિત કરવા પર વિચારોનું આદન પ્રદાન પણ કર્યું.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લાના ૪૨ પાટીદાર સમાજ ઘર, લુણાવાડા ખાતે કેશ ક્રેડિટ કેમ્પ યોજાયો


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

મહીસાગર,
ગ્રામ્ય અને શહેરી વિસ્તારના સ્વ-સહાય જૂથોનું ચેક વિતરણ કાર્યક્રમ ૪૨ પાટીદાર સમાજઘર લુણાવાડા ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોરના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.

સ્વસહાય જુથની મહિલાઓ સ્વાવલંબી બને, આજીવિકામાં વધુ સુધારો આવે અને ગરીબીમાંથી બહાર આવે એ હેતુથી 'રાષ્ટ્રીય ગ્રામિણ આજીવિકા મિશન યોજના'ની શરૂઆત કરવામાં આવી છે. ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોની મહિલાઓને સ્વસહાય જુથોમાં સંગઠીત કરી તેઓને બચત તથા બેંકો સાથે જોડી વધુ ધિરાણ આપી એક સુવ્યવસ્થિત પ્રક્રિયા દ્વારા કૌશલ્યવર્ધન તાલીમ અને માર્કેટીંગ સાથે જોડાણ કરી સખી મંડળની બહેનોને આર્થિક રીતે પગભર કરવા કેશ ક્રેડિટ આપવામાં આવે છે.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોરે જણાવ્યું હતું કે, આજે મહિલાઓ માત્ર ઘર નથી ચલાવતી મહીલાઓ સરપંચ, આગંણવાડીમાં, જિલ્લા પંચાયત જેવા દરેક ક્ષેત્રમાં આગળ છે. જિલ્લાની બહેનોને પગભર કરવા સરકાર દ્વારા વિવિધ યોજનાઓ ચાલે છે. જેથી મહિલાઓ જાગૃત રહી વધુને વધુ યોજનાઓનો લાભ લેવો જોઈએ.

આ પ્રસંગે પંચમહાલ સાંસદ રતનસિંહ રાઠોડે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર હરહંમેશ મહિલાઓની ચિંતા કરી રહી છે. મહિલાઓ સમાજમાં મોભાનું સ્થાન કેવી રીતે મેળવી શકે અને આર્થિક રીતે પગભર કેવી રીતે થાઈ તેની ચિંતા સરકાર કરી રહી છે. સરકાર દ્વારા જન ધન થકી ખાતા ખોલવામાં આવ્યા. કિસાન સન્માન નિધિ યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના જેવી અનેક યોજનાઓ થકી છેવાડાના માનવી સુધી લાભો પહોંચાડવામાં આવ્યા.

ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે જિલ્લાના ૧૦૧ સ્વ સહાય જૂથ સખીમંડળની બહેનોને વિવિધ યોજના અંતર્ગત રૂા.૧૦૧.૦ લાખના ચેક વિતરણ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે નિયામક,જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીએ સ્વાગત પ્રવચન કર્યું હતું અને જિલ્લા લાઈવલીહુડ મેનેજરએ આભાર વિધિ કરી હતી.

આ પ્રસંગે કાર્યક્રમના અંતે જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોર સહિત ઉપસ્થિત મહાનુભાવોએ સખીમંડળની બહેનોની સ્ટોલની મુલાકાત લીધી હતી.

આ પ્રસંગે કલેકટર ભાવિન પંડ્યા, જિલ્લા વિકાસ અધિકારી કે.ડી લાખાણી, નગરપાલિકા પ્રમુખ ભાવનાબેન, તાલુકા પંચાયત પ્રમુખ, સહીત મોટી સંખ્યામા સખીમંડળની બહેનોની ઉપસ્થિત રહ્યા હતા.

# સંતરામપુર ટાઉન હોલ ખાતે મહીસાગર જિલ્લા ભાજપ કારોબારી બેઠક યોજાઈ


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
મહીસાગર જિલ્લા ભાજપ કારોબારી બેઠક સંતરામપુર ટાઉન હોલ ખાતે યોજાઈ હતી. કારોબારી બેઠકમાં વિધાનસભાની ૧૫૬ બેઠકો પર ભાજપના ભવ્ય વિજય બદલ ધન્યવાદ પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો.

આ બેઠકમાં મહીસાગર કોંગ્રેસના અગ્રણી પ્રદેશ કોંગ્રસ મંત્રી અજયસિંહ ચૌહાણ અને જિલ્લા કોંગ્રસના મંત્રી આર કે માલીવાડ કોંગ્રેસના હાથનો સાથ છોડી ભાજપમાં જોડાયા હતા. જેમને પ્રમુખ સહીત આગેવાનોએ કેસરિયો ખેસ ટોપી પહેરાવી આવકાર્યા હતા.

બેઠકમાં મુખ્ય વકતા કિશોર મકવાણા, સહ પ્રભારી કૈલાસબેન, જિલ્લા ભાજપ પ્રમુખ દશરથભાઈ, સાંસદ રતનસિંહ, ઉપપ્રમુખ જેઠાભાઈ સહીતના મહાનુભાવોએ માર્ગદર્શન આપ્યું હતું. મંત્રી રાજુભાઈએ ડેટા મેનેજમેન્ટના ઉપયોગ અંગે સરલ એપના ડાઉનલોડ કરી તેમાં માહિતી અપલોડ કરવા વિશે કાર્યકર્તાઓને વિસ્તૃત જાણકારી આપી હતી. આ બેઠકમાં જિલ્લા મહામંત્રી પ્રદીપસિંહ જિલ્લા પંચાયત પ્રમુખ રમિલાબેન,પૂર્વ ધારાસભ્યો માનસિંહ, હીરાભાઈ, જિજ્ઞેશભાઈ સહિત જિલ્લા કારોબારીના હોદ્દેદારો, મંડળના હોદેદારો, મોરચાના હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# વર્ષોથી ડચકા ખાતી અને આદિવાસી પટ્ટામાં ધોળા હાથી સમાન સાબીત થતાં સમયસર પુર્ણ કરાશે ?

દાહોદ,
દાહોદ ઈન્દોર રેલ પરીયોજનાને પૂર્ણતા તરફ લઈ જવાના સંકલ્પ સાથે આ વખતના સામાન્ય બજેટમાં કેન્દ્ર સરકારે વધુ ૪૪૦ કરોડ રૂપિયાની ફાળવણી કરતા આ વિસ્તારના લોકોમાં અને રેલ કર્મીઓમાં એક પ્રકારનો આનંદ વ્યાપ્યો છે ત્યારે છેલ્લા ૧૪ વર્ષોથી ખૂબજ મંદગતિએ ચાલતી કામગીરીમાં હવે સંબંધિતો દ્વારા સક્રિયતા હાથ ધરાય તેવી લાગણી અને માંગણી પણ વહેતી થવા પામી છે. વર્તમાન સરકારે આ પ્રોજેક્ટને પૂર્ણ કરવા એડી ચોટીની જોર લગાવી રહી છે ત્યારે આગામી લોકસભાની ચૂંટણીને ધ્યાને રાખી ઈન્દોર દાહોદ રેલ યોજના ખરેખર પ્રજા માટે ઉપયોગી થઈ શકે કે કેમ ? તે આવનાર સમય કહેશે બાકી હાલ સુધી તો નાણાંના અભાવે તેમજ અન્ય ટેકનીકલ કારણોને કારણે ખૂબ જ મંદગતિથી આગળ વધતી આ રેલ ફરી યોજના તેની લાગત કરતા અનેક ગણી વધારે મોંઘી થવા જઈ રહી છે. ત્યારે દર વર્ષે આ પરિયોજના માટે નાણાંની ફાળવણી વધુને વધુ થતી જઈ રહ્યું હોય હવે ટૂંક સમયમાં પરિયોજના સાકાર થશે તેવું કહેવું અતિશયોક્તિ ભર્યું નહીં ગણાય.

કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં બજેટ રજુ કર્યુ હતું, જેમાં રેલ બજેટનો સમાવેશ થાય છે. ત્યારે આજરોજ રેલ મંત્રી અશ્વિની કુમારે વર્ચુઅલ પ્રેસ કોન્ફરન્સ યોજી આ બજેટમાં રેલ્વેને કેટલી રકમ ફાળવવામાં આવી છે. તે અંગે સ્પષ્ટતા કરી હતી. જેમાં રતલામ મંડળને વિવિધ રેલ પ્રોજેક્ટો માટે ૨૨૮૧ કરોડ જેટલી રકમ ફાળવવામાં આવી છે. ત્યારે વર્ષોથી દાહોદવાસીઓ તેમજ માલવા, નીમાડના આદિવાસી પટ્ટા માટે સફેદ હાથી સમાન સાબીત થતી દાહોદ ઈન્દૌર રેલ પરિયોજનાને ઝડપથી પુર્ણ કરવા પ્રથમ વખત ૪૪૦ કરોડ જેટલી માતબર રકમની ફાળવણી કરવામાં આવી છે. સાથે સાથે દાહોદ રેલ્વે સ્ટેશનને આગામી સમયમાં અમૃત ભારત રેલ્વે સ્ટેશન તરીકે વિકસાવવા રીડેવપમેન્ટ કરી સૌંદર્યકરણ કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે પણ બજેટમાં દાહોદ ઈન્દૌર રેલ પરિયોજનાને ૨૫૬ કરોડ જેટલી માતબર રકમ ફાળવવામાં આવી હતી પરંતુ રેલ્વે વિભાગની ઉદાસીનતા ભરી વલણના કારણે આખા વર્ષ દરમ્યાન માત્ર ટેન્ડર પ્રક્રિયાજ હાથ ધરવામાં આવી હતી જેના પગલે ગત વર્ષે બજેટમાં ફાળવેલી રકમ પૈકી કેટલીક રકમ લેપ્સ થવાની કગારે પણ આવી ચુકી છે. ૨૦૪ કિલો મીટર લાંબી દાહોદ ઈન્દૌર રેલ પરિયાજનોમાં દાહોદથી કતવારા સુધીનો સેક્શન પુર્ણતાના આરે છે. રેલ્વે સેફ્ટી ટીમ દ્વારા આ સેક્શન પર ડીઝલ એન્જીન દોડાવી ટ્રાયલ પણ લઈ લીધો છે ત્યારે કતવારાથી પીટોલ સુધી ૧૯ હેક્ટર જમીન ફોરેસ્ટ વિભાગમાં આવતી હોય હજી સુધી અગમ્ય અસંમજસના કારણે ભુમી એક ઈંચ પણ ભુમી અધિગ્રહણ કરી શકાયું નથી. ત્યારે મધ્ય પ્રદેશના ઝાબુઆથી ધાર સુધીના બે-ત્રણ ગામોને બાદ કરતાં આ રેલ માર્ગ વિકસાવવા માટે ભુમી અધિગ્રહણ કાર્ય લટકેલું પડ્યું છે. મદય પ્રદેશના પીથમપુર નજીક નિર્માણાધિન ટનલનું કાર્ય કોરોના કાળ સમયે અટકી ગયું હતું અને રેલ્વે દ્વારા તમામ ટેન્ડરોને હોલ્ડ પર મુકી દીધાં હતાં. ગત વર્ષે રેલ્વે દ્વારા ૨૫૬ કરોડની ફાળવણી બાદ આ રેલ માર્ગના કાર્યમાં ગતિ આવશે તેમ લાગી રહ્યું હતું પરંતુ પીથમપુર નજીક ટનલમાં પણ એક ઈંચ કામ હજી સુધી ચાલુ કરવામાં આવ્યું નથી. ત્યારે આ વખતે ફરી રેલ્વે દ્વારા બજેટમાં દાહોદ ઈન્દૌર રેલ પરિયોજનામાં માતબર રકમની ફાળવણી કરવામાં આવી છે. ત્યારે રેલ્વે વિભાગ આગામી સમયમાં ઉદાસીનતા છોડી આ રેલ માર્ગને ઉત્તર ભારત તેમજ કોકણ રેલ્વે તથા છોટાઉદપુર, ધાર-ઈન્દૌર પરિયોજનના તર ઉપર વેગવંતુ આ રેલમાર્ગને ઝડપથી પુર્ણ કરે જેના પગલે આદિવાસી બેલ્ડ પણ વિકાસની મુખ્ય ધારા આવી શકે તેમ માટે પ્રયાસ હાથ ધરવામાં આવે તેવી લાગણી અને માંગણી ઉઠવા પામી હતી.

# દાહોદમાં બેદરકાર આંગણવાડી કાર્યકર/તેડાગર પર શિક્ષાત્મક કાર્યવાહી

દાહોદ,
દાહોદમાં આંગણવાડી કાર્યકર/તેડાગર પર શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવી છે. જે મુજબ પોષણસુધા યોજના અને ગરમ નાસ્તાના રૂ.૧૪૪૧૫/- રૂપિયાની રીકવરી કરી ચલણ મારફતે સરકારના નિયમ હેડમાં જમા કરવામાં આવ્યા છે. તેમજ હવે નિષ્કાળજી રાખશે તો ફરજમુક્તિ ના પગલાં પણ લેવામાં આવશે.

ગત તા.૨૪/૧૨/૨૦૨૨ના રોજ સમય ૧૨.૫૦ ના રોજ બચુભાઈ ખાબડ મંત્રી ગુજરાત સરકારની દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકાના દેવગઢ બારીયા ઘટક-૩ ના કેળકુવા માજી સરપંચ ફળિયા આંગણવાડી કેન્દ્રની આકસ્મિક મુલાકાત લેવામાં આવી હતી.

જેમાં મુલાકાત દરમ્યાન ઘણી બધી ગંભીર ક્ષતીઓ જોવા મળેલ હતી જેમાં લાભાર્થીઓને સરકાર તરફથી મળતા લાભ, વસ્તુ, નાસ્તો લાભાર્થી સુધી પહોંચતું નથી, બાલ શક્તિ, માતૃ શક્તિ, પૂર્ણા શક્તિ પીપમાં રાખેલ હતા અનાજ નો જથ્થો સાફ કર્યા વગર જોવા મળેલ હતો. તેમજ દાળ, ચણા ના પેકેટ વિતરણ કરેલ ન હતા. જે ખુબ જ ગંભીર બાબત છે, કાર્યકર કેન્દ્રના બદલે મનસ્વી રીતે અનાજનો જથ્થો પોતાના ઘરે રાખેલ હતો. તેમજ કેન્દ્ર ઘરે ચલાવવામાં આવતું હતું. તેમજ સાફ સફાઈ નો અભાવ જોવા મળેલ છે રેકર્ડ રજીસ્ટર જોવા મળેલ નથી તેમજ અસ્તવ્યસ્ત હાલત માં જોવા મળેલ હતા.

મંત્રીની મુલાકાત દરમ્યાન જોવા મળેલ ક્ષતીઓ મુજબ જિલ્લા વિકાસ અધિકારી દાહોદની સુચના મુજબ જિલ્લા પ્રોગ્રામ ઓફિસર દ્વારા સી.ડી.પી.ઓ. મુખ્ય સેવિકા,આંગણવાડી કાર્યકર તેમજ તેડાગર ને તેમની ફરજ પર ની નિષ્કાળજી બદલ નોટીસ આપી સાધનિક પુરાવા સાથે રૂબરૂ ખુલાસો રજુ કરવા માટે તા.૦૪/૦૧/૨૦૨૩ના રોજ સુનાવણી રાખવામાં આવેલ હતી.

જેમાં આંગણવાડી કેન્દ્ર માં લાભાર્થીની ખોટી હાજરી પૂરીને ખોટા બીલો પાસ કરાવેલ છે,પોષણ સુધા યોજનાના પ્રતિ લાભાર્થી દીઠ રૂ.૨૭/- તથા ૩ થી ૬ વર્ષના પ્રતિ બાળકોના રૂ.૫.૧૦/- ના બીલો બનાવેલ છે. તેમજ ખોટી નાણાની વધુ ચુકવણી કરવામાં આવેલ હતી જે ભૂલો બદલ કાર્યકર/તેડાગર પર શિક્ષાત્મક કાર્યવાહીના ભાગરૂપે પોષણસુધા યોજના અને ગરમ નાસ્તાના રૂ.૧૪૪૧૫/- રૂપિયાની રીકવરી કરી ચલણ મારફતે સરકારના નિયમ હેડ માં જમા કરાવેલ છે. તેમજ હવે પછી ફરજ પ્રત્યે નિષ્કાળજી દાખવવામાં આવશે તો સરકાર ના ૨૫-૧૧-૨૦૧૯ના ઠરાવ મુજબ કાર્યકર તેડાગરને ફરજ મુક્ત કરવામાં આવશે, તેમજ સી.ડી.પી.ઓ. મુખ્ય સેવિકા સામે પ્રાથમિક તપાસ ની કાર્યવાહી કરવામાં આવશે. જેથી લાભાર્થીઓને સરકાર તરફથી સગર્ભા-ધાત્રી તથા બાળકોને મળતા લાભ લાભાર્થીને મળે અને પોષણના સ્તરમાં સુધારો લાવી શકાય.

# હાલોલ-વડોદરા રોડ ઉપર રીક્ષાનું વ્હીલ નિકળી જતાં રીક્ષા પલ્ટી જવાથી એક વ્યકિતનું મોત



હાલોલ,
હાલોલ-વડોદરા હાઈવે ઉપર આવેલા આસોજ ગામ પાસે રિક્ષાનું આગળનું વ્હિલ નીકળી ગયુંને પલટી ખાઈ ગઈ. રિક્ષામાં સવાર એકનું મોત નીપજ્યું હતું. જોકે, અન્ય ત્રણ ગંભીર રીતે ઘવાયા હતા. વાઘોડિયા તાલુકાના સિંહાપુરા ગામનો પરિવાર સાવલી તાલુકાના આદલવાડા ગામે જ્યાં દીકરીના લગ્ન નક્કી કર્યા છે. ત્યાં આદલવાડા વેવાઈના ઘરે હાજરી આપવા ગયા હતા. લગ્નમાં હાજરી આપી પરત ફરી રહ્યાં હતા. ત્યારે આ ગોઝારો અકસ્માત સર્જાયો હતો. અકસ્માત બાદ તમામને હાલોલની રેફરલ હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા. આજે દીકરાનો વરઘોડો નીકળે એ પહેલા જ પિતાના મોતના સમાચાર આવ્યા. અકસ્માતને પગલે સિંહાપુરા ગામમાં લગ્નની ખુશી માતમમાં છવાઈ ગઈ હતી. જોકે, શરણાઈના શૂર અને લગ્નના ઢોલ વચ્ચે પરિવારમાં માતમ છવાયો હતો.

પિતા દીકરીનું કન્યાદાન પણ ના કરી શક્યા હાલોલ નજીક આસોજ ગામે આજે બપોરે રિક્ષાનું પૈડું નીકળી જતાં અકસ્માત સર્જાયો હતો. રિક્ષામાં વાઘોડિયા તાલુકાના સિંહાપુરા ગામનો પરિવાર હતો અને તેઓ સાવલી તાલુકાના આદલવાડા ખાતે લગ્નમાં હાજરી આપી ઘરે પરત ફરી રહ્યાં હતા. અકસ્માતમાં મૃત્યુ પામેલા સિંહાપુરા ગામના રાજુભાઈ છગનભાઈ ભાલીયાના ઘરે જ દીકરા અને દીકરીના લગ્ન હતા. બે દિવસથી ઘરે મંડપ પણ સજાયેલો હતો. જ્યાં લગ્નના ઢોલ વાગી રહ્યાં હતા. ત્યાં આ અકસ્માતના પગલે પરિવારના મોભીનું મૃત્યુ થતા માતમ છવાઈ ગયો હતો.

પરિવાર વેવાઈના ઘરે હાજરી આપવા ગયો હતો આસોજ પાસે થયેલા અકસ્માતમાં સિંહાપુરા ગામના રાજુભાઈ તેમની પત્ની, દીકરી અને પોતાના ભાઈના પરિવાર સાથે જ્યાં દીકરીના લગ્ન નક્કી કર્યા છે. ત્યાં આદલવાડા વેવાઈના ઘરે હાજરી આપવા ગયા હતા. ત્યાંથી પરત ફરતા અકસ્માત સર્જાયો હતો. પરિવારમાં ખુશી હતી. બે દિવસથી ઘરે મંડપ સજાયેલો હતો અને આવતી કાલે સોમવારે ૬ ફેબ્રુઆરી ૨૦૨૩એ રાજુભાઈની દીકરીના લગ્ન હતા.

સિંહાપુરામાં લગ્નની ખુશી માતમમાં ફેરવાઈ સાવલી તાલુકાના આદલપુર ગામેથી જાન આવવાની હતી. ભાલીયા પરિવાર આજે દીકરીની સાસરીના લગ્ન પ્રસંગમાં હાજરી આપવા માટે ગયો હતો. દીકરીના લગ્નના આગલા દિવસે અને દીકરાના લગ્નના બે દિવસ અગાઉ જ પિતાનું અકસ્માતમાં મોત નિપજતા સિંહાપુરા ગામમાં ખુશી માતમમાં ફેરવાઈ છે.

# દાહોદ જીલ્લા માંથી કુઝર ગાડી ચોરતી મધ્યપ્રદેશની ગેંગના ત્રણ સાગરીતોને ત્રણ કુઝર સાથે ઝડપ્યા



દાહોદ,
દાહોદ જિલ્લા માંથી અલગ અલગ સ્થળોએ થી ક્રૂઝર ફોર વ્હીલર ગાડીઓની ચોરી કરતી મધ્યપ્રદેશની ગેંગને દાહોદ તાલુકા પોલીસે ગેંગના ત્રણ સાગરીતોને ચોરીની કુલ ત્રણ ક્રૂઝર ફોર વિલર ગાડી સાથે ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી રહે છે. ત્યારે આ ગેંગના અન્ય સાગરીતોની પણ પોલીસે ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી છે.

દાહોદ જિલ્લામાંથી છેલ્લા કેટલાક સમયથી ક્રૂઝર ફોરવીલર ગાડીઓની ચોરીની ઘટનાઓ સામે આવી હતી. જે અનુસંધાને દાહોદ જિલ્લા પોલીસ દ્વારા સઘન કામગીરી કરવામાં આવી હતી ત્યારે દાહોદ તાલુકા પોલીસને મળેલ બાતમીના આધારે ગતરોજ દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના માટવા ગામે જંગલ વિસ્તારમાં સંતાડી રાખેલ ચોરીની કુઝર ફોરવીલ ગાડીની બાતમી મળતા દાહોદ તાલુકા પોલીસે માતવા ગામના જંગલ તરફ ગયા હતા. ત્યાંથી પોલીસે રાકેશભાઈ અમરીચાભાઈ બામણીયા, આલમસિંગ વેસ્તાભાઈ બામણીયા અને મુકેશભાઈ વેસ્તાભાઈ બામણીયા (ત્રણે રહે. કરચટ, ચોકીદાર ફળિયુ, તા. કુકસી, જિ. ધાર મધ્ય પ્રદેશ) નાને ઝડપી પાડી તેઓની પાસેથી ચોરીની ત્રણ ક્રૂઝર ફોલ્ડર ગાડી કબજે કરી હતી આ ત્રણે કુઝર ફોરવીલ ગાડી ઝડપાયેલ ઉપરોક્ત ત્રણ ઈસમોની પૂછપરછ કરતા આ કુઝર ફોરવીલ ગાડી દાહોદ, ઝાલોદ તાલુકાના લીમડી તેમજ લીમખેડા તાલુકામાંથી ચોરી કરી હોવાનું કબૂલ્યું હતું. આ સંબંધે દાહોદ લીમડી અને લીમખેડા પોલીસ મથકે ફરિયાદ પણ નોંધાવા પામી હતી. જાણવા મળ્યા અનુસાર, આ ગેંગમાં કુલ છ સભ્યો હોય અને જેવો મધ્યપ્રદેશથી દાહોદમાં અલગ અલગ જગ્યાએ આવી ઘર આંગણે મૂકી રાખેલ કુઝર ફોરવીલર ગાડીઓના લોક તોડી ચોરી કરી લઈ જઈ ગાડીઓના સ્પેરપાર્ટ એકબીજી ગાડીઓમાં ફિટ કરી ગાડીનો નવો લુક આપી બીજી ખોટી નંબર પ્લેટ લગાવી વેચાણ કરવાનો એમો ધરાવે છે. પોલીસે આ ગેંગના ફરાર વધુ ત્રણ ઈસમો જેમાં હિરેસીગ ઉર્ફે હિરૂમાગતીયાભાઈ મોરી, મડિયાભાઈ જહરસિંહ બામણીયા અને ભમરસિંહ મોતીસિંહ અમલીયાર (ત્રણે રહે.મધ્ય પ્રદેશ) નાઓને પણ પોલીસે ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

# આપની આજ.......

મેષ : લવ લાઈફમાં નવી શરૂઆત થશે અને સંબંધો પણ મજબૂત બનશે. સામાજિક તથા રાજનૈતિક સીમા પણ વધશે. કાર્યક્ષેત્રમાં ધૈર્ય અને પ્રતિભા સાથે તમે દુશ્મન પર વિજય મેળવવામાં સફળ થશો.

વૃષભ : નવા કાર્યો શીખવામાં સફળતા મળશે. મહિલાઓ માટે આજનો દિવસ ખૂબ જ ઉત્તમ છે. કાર્યસ્થળ પર તમે તમારી વાત સાચી સાબિત કરી શકશો.

મિથુન : વ્યવસાયમાં થોડા પરિવર્તન જેવી સ્થિતિ બની રહી છે. ધાર્મિક પ્રવૃત્તિના લોકો સાથે મુલાકાત તમારા દૃષ્ટિકોણમાં આશ્ચર્યજનક અને પોઝિટિવ પરિવર્તન લાવશે. ધાર્મિક અને આધ્યાત્મિક કાર્યો પ્રત્યે તમારો રસ વધશે.

કર્ક : જીવનસાથીના કરિયરમાં પ્રગતિના કારણે પ્રસન્ન રહેશો. વ્યવસાયમાં તમારા સખત પ્રયત્નોથી ઈચ્છા પૂર્ણ થશે. આજે વ્યવસાયિક ગતિવિધિઓ ઘરે રહીને જ યોગ્ય રીતે શરૂ થઈ જશે. રોજગારી ક્ષેત્રે અવરોધ દૂર થશે.

સિંહ : આજે સપના સાકાર કરવાનો દિવસ છે, મહેનતથી કામ લેવું. તમને પૂર્વજો પાસેથી પૈસા મળે તેવી સંભાવના છે. આર્થિક સ્થિતિમાં સુધારો થશે, પરંતુ ખર્ચા પર નજર રાખો. ઠંડા-ગરમ વાતાવરણના કારણે ગળમાં તકલીફ રહેશે.

કન્યા : જીવનસાથીનો સહયોગ તમારા મનોબળને જાળવી રાખશે. ભાગદોડ કરવાની જગ્યાએ શાંતિથી કામ પૂર્ણ કરવાની કોશિશ કરો. આજે માનસિક રૂપથી ખૂબ જ સંતોષજનક સમય છે.

તુલા : મિત્રોની સહાયથી અટકેલા કાર્યો પૂરા થશે અને નવા સારા મિત્રો પણ મળી શકશે. વ્યવસાયમાં હાલ વધારે સુધારની જરૂરિયાત નથી. ધાર્મિક અને અધ્યાત્મિક ક્ષેત્રમાં તમારો રસ વધવાથી તમારા વિચાર પણ પોઝિટિવ અને સંતુલિત રહેશે. વ્યસ્તતા વચ્ચે તમે લવ લાઈફ માટે સમય આપશો.

વૃશ્ચિક : ધનલાભના યોગ છે. અન્યની સલાહ લેવાની જગ્યાએ પોતાના મનનો અવાજ સાંભળો અને તેના ઉપર અમલ કરો. વિદ્યાર્થીઓને ગુરુના ટેકાથી ફાયદો થશે. જીવનસાથીને નવા ધંધાનો પ્રારંભ કરવા માટેનો સહયોગ મળશે.

ધનુ : રોજિંદા ભાગદોડથી થોડી રાહત મળશે. નબળાઈના કારણે પગમાં દુખાવાની પરેશાની રહેશે. આજે મોટાભાગનો સમય અધ્યાત્મક ગતિવિધિઓમાં પસાર થશે.

મકર : પાર્ટનરશિપને લગતાં વ્યવસાયમાં વિશેષ સાવધાની જાળવવાની જરૂરિયાત છે. અટવાયેલાં કે ઉધાર આપેલાં રૂપિયા પાછા મળવાની શક્યતા છે. વાતચીત કરીને તમે તમારું કામ કઢાવી શકશો. આજે જ્ઞાનવર્ધક તથા રોચક સાહિત્યમાં વિશેષ રસ રહેશે.

કુંભ : પારિવારિક વાતાવરણ પોઝિટિવ જળવાયેલું રહેશે. વિદ્યાર્થીઓને લગતાં કોઈ કામમાં સફળતા મળવાની પૂર્ણ સંભાવના છે. આ સમયે વર્તમાન ગ્રહ સ્થિતિ તમને અદભૂત શક્તિ પ્રદાન કરી રહી છે.

મીન : ખોવાયેલા પૈસા અથવા અટકેલા પૈસા મળશે. કોઈપણ મુશ્કેલ સમસ્યાનો ઉકેલ પરામર્શની શક્તિના આધારે પણ આવશે. આજે તમે કોઈ પણ શુભ કે ધાર્મિક કાર્યક્રમની વ્યવસ્થામાં વ્યસ્ત રહેશો.

# દાહોદ જિલ્લામાં ડીઆરડીએ ખાતે વિવિધ ૯૫ જગ્યાઓ માટેની ભરતી પ્રક્રિયા


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
ગ્રામ વિકાસ વિભાગ હસ્તકની જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ખાતે વિવિધ યોજના અંતર્ગત જિલ્લા, તાલુકા તેમજ ગ્રામ્ય કક્ષાની અંદાજીત કુલ ૯૫ જગ્યાઓની ભરતી માટે સતત ત્રણ દિવસ સ્ક્રીનીંગ કમિટી દ્વારા સઘન પ્રક્રિયા હાથ ધરી અંદાજીત કુલ ૬૭૨ ઉમેદવારો ના ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા હતા.


દાહોદ જિલ્લામાં ગ્રામ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓ જેવીકે મનરેગા, મિશન મંગલમ, પ્રધાન મંત્રી ગ્રામીણ આવાસ તેમજ સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજનાનો લાભ ગ્રામ્ય કક્ષાએ લાભાર્થી સુધી પહોચાડવા માટે જિલ્લા, તાલુકા તેમજ ગ્રામ્ય કક્ષાના અધિકારી તેમજ કર્મચારીઓનો મહત્વની ભૂમિકા રહેલી છે. તમામ યોજનાનો ગ્રામ કક્ષાએ વધુમાં વધુ પ્રચાર - પ્રસાર થાય અને તેનો લાભ લાભાર્થી સુધી સમયસર પહોચે તેના માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દાહોદ હસ્તકની ખાલી રહેલ કુલ ૯૫ જગ્યાઓ માટે ચેરમેન-વ-જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના અધ્યક્ષ સ્થાને કુલ ૫ સભ્યોની સ્ક્રીનીંગ કમિટી દ્વારા તારીખ ૨ થી ૪ દરમ્યાન સતત ત્રણ દિવસ હાજર રહેલ તમામ ઉમેદવારોના મોડા રાત્રે ૯ થી ૧૦ વાગ્યા સુધી પણ હાજર રહી તમામ ના મૌખિક ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા હતા. સતત ત્રણ દિવસ ચાલેલ આ ઈન્ટરવ્યુમાં કુલ ૬૭૨ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી સરકારની વિવિધ યોજનામાં જોડાવા માટે વિવિધ તાલુકા/જિલ્લામાંથી હાજર રહ્યા હતા.

# દાહોદ છાપરી ગામે કંપનીના કંપાઉન્ડ માંથી ગેસ પાઈપ લાઈનની ૧.૭૨ લાખની પાઈપોની ચોરી

દાહોદ,
દાહોદ તાલુકાના છાપરી ગામે આવેલ એક પ્રાઈવેટ લીમીટેડ કંપનીના કંપાઉન્ડની બહારથી અજાણ્યા ચોર ઈસમોએ ગેસ પાઈપ લાઈનની પ્લાસ્ટીકની પાઈપો કિંમત રૂા. ૧,૭૨,૦૦૦ની ચોરી કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે. ગત તા.૦૨ ફેબ્રુઆરીના રોજ છાપરી ગામે આવેલ ઈન્ફાકોન પ્રાઈવેટ લીમીટેડ કંપનીના કંપ્પાઉન્ડની બહાર મુકી રાખેલ ગેસની પ્લાસ્ટીકની પાઈપો ૯૦ તેમજ વાયરના બંડલો વિગેરે મળી કુલ રૂા. ૧,૭૨,૦૦૦ની મત્તાની ચોરી કરી અજાણ્યા ચોર ઈસમો નાસી જતાં આ સંબંધે ઉપરોક્ત કંપનીમાં ફરજ બજાવતાં અને છાપરી ગામે રહેતાં આશીષકુમાર રાણાપ્રતાપસિંહ સીંગ દ્વારા દાહોદ બી. ડિવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# આત્મનિર્ભર અને સ્થાયી વિકાસને પોષતું, ભારતને વિકસિત રાષ્ટ્રની દિશામાં અગ્રેસર કરતું અમૃત બજેટ

"દેશના ગરીબ, વંચિત, મધ્યમ વર્ગને વિકાસના અનેક નવીન અવસરો આપીને તેમની આશા-અપેક્ષા સંતોષતું તથા અમૃતકાળમાં ભારતને 'વિકસિત રાષ્ટ્ર' બનાવવાની વડાપ્રધાનશ્રીની સંકલ્પના ચરિતાર્થ કરતું બજેટ રજૂ કરવા બદલ કેન્દ્રીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણને અભિનંદન પાઠવું છું."
- શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, મુખ્યમંત્રી, ગુજરાત








**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી તથા કેન્દ્રીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણનો ગુજરાત માને છે ખૂબ ખૂબ આભાર**

## ગુજરાતની જનતા આભારી છે...

- દેશના વિકાસની સાત મુખ્ય પ્રાથમિકતાઓ સપ્તર્ષિ નિર્દિષ્ટ કરીને અમૃતકાળ બજેટ આપવા બદલ
- પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજનામાં વધારાના રૂ ૬ હજાર કરોડની ઉપ યોજના શરૂ કરીને બ્લ્યુ ઇકોનોમીને વેગ આપવા બદલ
- વ્યક્તિગત આવક વેરાની રાહતમાં (Rebate) વધારો કરી રૂ ૭,૦૦,૦૦૦ સુધીની આવકને આવક-વેરા મુક્ત કરવા બદલ
- 'સહકાર સે સમૃદ્ધિ'ના વિઝનને સાકાર કરવા પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓનું કોમ્પ્યુટરાઇઝેશન શરૂ કરવા બદલ
- પ્રાથમિક કૃષિ સહકારી મંડળીઓ અને પ્રાથમિક સહકારી કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંકો દ્વારા રોકડ થાપણો અને રોકડમાં લોન માટે સભ્ય દીઠ મર્યાદા વધારી રૂ ૨ લાખ કરવા બદલ
- રાજ્યોને મૂડી ખર્ચ માટે આપવામાં આવતી ૫૦ વર્ષની વ્યાજમુક્ત લોનમાં ૩૦ ટકા વધુ રકમની ફાળવણી કરી રાજ્યના વિકાસને વેગ આપવા બદલ
- નાના અને મધ્યમ શહેરોનાં વિકાસ માટે નવું UIDF ફંડ બનાવવા બદલ
- ગુજરાતના ગિફ્ટ સિટી અને IFSCA તથા ફિનટેક સેક્ટરના વિકાસ માટે કર રાહતો સહિતની નવી તકો ઉપલબ્ધ કરાવવા બદલ
- લેબ ગ્રોન હીરાના સંશોધન અને વિકાસ માટે ગ્રાન્ટ તથા મુખ્ય કાચા માલ પર કસ્ટમ ડ્યુટી ઘટાડી રાજ્યના હીરા ઉદ્યોગોના વિકાસને વેગ અને રોજગારીનું સર્જન કરવા બદલ
- ખાંડ સહકારી મંડળીઓ દ્વારા શેરડીના ખેડૂતોને આકારણી વર્ષ ૨૦૧૬-૧૭ પહેલાના સમયગાળા માટે ચૂકવવામાં આવેલ રકમને ખર્ચ તરીકે દાવો કરવાની તક પૂરી પાડવા બદલ
- ગરીબ આદિવાસી જૂથો પર્ટીક્યુલરલી વલ્નરેબલ ટ્રાયબલ ગ્રૂપની સામાજિક-આર્થિક સ્થિતિ સુધારવા માટે, પ્રધાનમંત્રી PVTG વિકાસ મિશન શરૂ કરવા બદલ
- હર હાથ કો કામ અને હર કામ કા સન્માન એ મંત્રને કેન્દ્રીય બજેટની વિવિધ જોગવાઇઓ દ્વારા ચરિતાર્થ કરવા બદલ



**દરેક વર્ગના સર્વાંગી અને સમ્યક વિકાસથી બજેટ બન્યું અમૃતકાળનું અમૃત બજેટ**

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# ઘોઘંબા તાલુકાના સીમલિયા નિકોલા ગામના શ્રમજીવીનું સાઉથ આફ્રિકામાં નીપજ્યું મોત

ઘોઘંબા,
પંચમહાલના અંતરિયાળ એવા ઘોઘંબા તાલુકાના નિકોલા ગામના શ્રમજીવીનું સાઉથ આફ્રિકામાં એક સપ્તાહ પહેલા મૃત્યુ થયું હતું. જેનો મૃતદેહ વતનમાં લાવવા માટે પરિવારજનો છેલ્લા એક સપ્તાહ થી રઝળપાટ કરી રહ્યા છે. પરિવારે છેલ્લા ૮ દિવસ થી અન્નનો દાણો પણ લીધો નથી, ત્યારે પોતાના પરિવારના મોભીના મૃતદેહ વતન લાવવા પરિવારજનોની મદદે અત્યારસુધી કોઇ પણ આવ્યું નથી. જેથી પરિવારની હાલત કફોડી બની છે.

ઘોઘંબા તાલુકાના નિકોલા ગામના બાબુભાઇ બારીયા છેલ્લા કેટલાય વર્ષો થી રોજગારી માટે સાઉથ આફ્રિકા ખાતે ગયા હતા. જે છેલ્લા ૨ વર્ષ પહેલાં વતન આવ્ય હતા. વતનમાં ત્રણ મહિના રહ્યા બાદ ફરી એક વખત આફ્રિકા ગયા હતા. જ્યાં છેલ્લા એક સપ્તાહ પહેલા તેમનું મૃત્યુ થયું હોવાના સમાચાર પરિવારને મળ્યા હતાં. મૃતદેહના અંતિમ સંસ્કાર માટે એક સપ્તાહથી સ્વજનો વલોપાત કરી રહ્યા છે. સ્વજનો મૃતદેહને વતન લાવવા


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

માટે સરકાર પાસે મદદ માંગી રહ્યા છે. બાબુભાઇ દોઢ વર્ષ અગાઉ સેન્ટિંગ કામની મજૂરી માટે ભુજની કંપની મારફતે સાઉથ આફ્રિકા ગયા હતા.

ગત શુક્રવારે પરિવારજનોને બાબુભાઇ બારીયાના મૃત્યુ પામ્યાના સમાચાર મળ્યા બાદ સ્વજનોને મૃતદેહ આપવા અંગે કંપની તરફ થી યોગ્ય પ્રત્યુતર મળી રહ્યો નથી. સ્વજનો પોતાના પિતાના અંતિમ સંસ્કાર અને દર્શન માટે એક સપ્તાહથી ભૂખ્યા તરસ્યા બેસી રહ્યા છે. મામલતદાર દ્વારા પણ બનાવ અંગે નિકોલા આવી પંચનામું કરવામાં આવ્યું હતું. પરંતુ ત્યારબાદ કોઈ ઉત્તર મળ્યો નથી. મૃતકના સ્વજનોએ સ્થાનિક ધારાસભ્ય મારફતે સાંસદને પણ રજૂઆત કરી છે.

- મૃતદેહના અંતિમ સંસ્કાર માટે એક સપ્તાહથી સ્વજનો કરી રહ્યા છે વલોપાત.
- સ્વજનો મૃતદેહ ઘરે લાવવા માટે સરકાર પાસે માંગી રહ્યા છે મદદ.
- ગત શુક્રવારે પરિવારજનોને બાબુભાઈ બારીયા મૃત્યુ પામ્યા બાદ સ્વજનોને મૃતદેહ આપવા અંગે નથી મળી રહ્યો યોગ્ય પ્રત્યુતર.
- સ્વજનો પોતાના પિતાના અંતિમ સંસ્કાર અને દર્શન માટે એક સપ્તાહથી ભૂખ્યા તરસ્યા બેસી રહ્યા છે.
- મામલતદાર દ્વારા પણ બનાવ અંગે નિકોલા આવી પંચનામું કરવામાં આવ્યું હતું.
- મૃતકના સ્વજનોએ સ્થાનિક ધારાસભ્ય મારફતે સાંસદને પણ કરી છે રજુઆત.

સાઉથ આફ્રિકામાં સ્વજનનો મોત થતાં નિકોલા ગામમાં શોકની લાગણી ફેલાઇ છે. સાથે જ પરિવારજનોના આંસુ સૂકાઇ રહ્યા નથી. સ્વજનના મોતના સમાચાર મળ્યા બાદથી પરિવારમાં ભારે શોક છે. જ્યારે મૃતદેહના અંતિમ સંસ્કાર માટે એક સપ્તાહથી સ્વજનો વલોપાત કરી રહ્યા છે. સ્વજનો મૃતદેહ ઘરે લાવવા માટે સરકાર પાસે મદદ માંગી રહ્યા છે.

## ગોધરામાં કૂવાનું પાણી બંધ કરતાં મોદીની વાડીની મહિલાઓનો પાલિકા ખાતે હલ્લાબોલ

ગોધરા,
ગોધરા નગર પાલિકાની આર્થિક પરિસ્થિતિ લથડી જતાં શહેરના કૂવાઓના પાણીની મોટરના બિલ ભરવાના ફાંફા પડતાં પાલિકા દ્વારા શહેરના ૧૮ કૂવાઓમાંથી પાણી આપવાનું તા.૧લી ફેબ્રુઆરીના રોજથી બંધ કરી દેતાં છેવાડાના ઘરો સુધી પાણી ન પહોંચતાં કેટલાક વિસ્તારની મહિલાઓ રોડ પર ઉતરીને પાલિકાના નિર્ણયનો વિરોધ કર્યો હતો.

એક બાજુ પગાર ચૂકવાતો નથી, બીજી બાજુ વીજ કંપની સ્ટ્રીટલાઇટ બિલ ન ભરતાં બંધ થઇ જતાં આકરી બનીને પાલિકા આર્થિક પરિસ્થિતિ કથડી ગયેલી હોવાને લઇને ૧૮ કૂવાઓનું મસમોટા



લાઇટ બિલ આવતાં અને પાણીનો વધારે વ્યય થઇ રહ્યો હોવાને લઇને કૂવાઓના પાણી આપવાનું બંધ કરી દીધા છે. પાલિકાએ કૂવાનું પાણી બંધ કરાવી દેતા ગોધરામાં પાણી ન મળતું હોવાની ફરિયાદો ઉઠી છે.

જેમાં ગોધરાની મોદીની વાડીની મહિલાઓએ કૂવાના પાણી બંધ રહેતા અને પાલિકાના પીવાના પાણી રામાયણ ઉભી થતાં વિસ્તારની મહિલાઓ પાલિકા પહોંચીને હલ્લાબોલ કર્યો હતો. મહિલાઓ ચીફ ઓફિસર અને નગર પાલિકા પ્રમુખને રજૂઆત કરવા ચેમ્બરમાં જતાં બંને જવાબદાર અધિકારી મળી આવ્યા ન હતા.

મહિલાઓએ પાલિકા પ્રમુખ ન મળતાં ચેમ્બરમાં જ વિરોધ દર્શાવવા મહિલાઓએ પાલિકા પ્રમુખ હાય...હાય...ના ગરબા ગાઇને વિરોધ કર્યો હતો. મહિલાઓને ચેમ્બરની અંદર ગરબે ઘૂમતી જોઇ અધિકારીઓ અને આવેલા અરજદારો ચકિત થઇ ગયા હતા. મોદીની વાડી વિસ્તારની મહિલાઓએ ગરબા ઘૂમીને અલગ પ્રકારનો વિરોધ દર્શાવીને પાણી આપવાની પોકાર કરી હતી.


## પંચમહાલ કોંગ્રેસ દ્વારા જુનિયર કલાર્ક પરીક્ષાના પેપર લીક થતા દોષિતો સામે કાર્યવાહી માટે કલકેટરને આવેદન

ગોધરા,
જુનિયર કલાર્ક પરીક્ષાનું પેપર લિંક થવા મામલે પંચમહાલ જિલ્લાના મુખ્ય મથક ગોધરા ખાતે કોંગ્રેસના કાર્યકર્તાઓએ આ મામલે દોષિતો સામે કડક કડકમાં સજા થાય તે માટે રાજ્યના રાજ્યપાલને ઉદ્દેશીને પંચમહાલ જિલ્લા કલેકટરને લેખિત રજૂઆત કરી હતી.

તાજેતરમાં જ સમગ્ર રાજયમાં જુનિયર કલાર્કની લેખિત પરીક્ષાના પેપર લિંક થતાં પરીક્ષા મોકૂફ રાખવામાં આવી હતી. જેને કારણે નવ લાખ ઉપરાંત પરીક્ષાર્થીઓ અને તેમના ગરીબ મધ્યમ વર્ગના પરિવારજન ઉપર બિનજરૂરી આર્થિક નુકસાન થતાં તેમજ પરીક્ષાર્થીઓની લાંબા સમયની તૈયારીઓ, ખરીદેલા પુસ્તકો, અભ્યાસ તમામ બાબતો પર પૂર્ણવિરામ લાગતા આવા પરીક્ષાર્થીઓ તેમજ તેમના પરિવારજનોમાં ભારે નિરાશા,આક્રોશ અને નારાજગી વ્યાપી જવા પામેલ છે. ત્યારે રાજયમાં પાછલા ઘણા વર્ષોથી પેપર લિંક થવાની ઘટનાઓ પ્રકાશમાં આવી છે. ત્યારે યુવા બેરોજગારોનો સરકાર ઉપર વિશ્વાસ કે ભરોસો રહ્યો નથી. ત્યારે ગોધરા ખાતે કોંગ્રેસ દ્વારા રાજયમાં અવારનવાર સ્પર્ધાત્મક પરીક્ષાઓનું પેપર ફૂટવાની ઘટનાઓમાં સખત વિરોધ નોંધાવી સૂત્રોચ્ચાર કરી મુખ્ય આરોપીઓને સખતમાં સખત સજા થવાની માંગ સાથે વિરોધ પ્રદર્શન સાથે રાજયપાલને રજૂઆત કરતું આવેદનપત્ર પંચમહાલ જિલ્લા કલેક્ટરને સુપ્રત કરવામાં આવેલ હતું. જેમાં પંચમહાલ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અજીતસિંહ ભાટી, ગોધરા શહેર કોંગ્રેસ પ્રમુખ સિદ્ધિભાઈ ચલાલીવાળા, પ્રદેશ પ્રતિનિધિ રફીક તિજોરીવાલા, યુવા કોંગ્રેસ પ્રમુખ મિકી જોસેફ, લઘુમતી જિલ્લા પ્રમુખ ઈમ્તિયાઝ સુજેલા, તાલુકા પ્રમુખ આર.એન. પટેલ, કોંગ્રેસ અગ્રણી અનીશ બારીયા, દુષ્યંતસિંહ ચૌહાણ, અશોક ઉપાધ્યાય, ભૂપેન્દ્રસિંહ ખેર, કિરણભાઈ પરમાર, આબિદ શેખ, રૂલ અમીન મેદા અહેમદ ભોભા, ચિરાગ કવર રાહુલ સહિત આગેવાનો કાર્યકરો હોદ્દેદારો વગેરે જોડાયા હતા.

## કાલોલના ખરસાલીયા સુબ્રમનીયન કંપનીમાં જીવના જોખમે કામ કરતાં કામદારો

કાલોલ,
કાલોલના ખરસાલીયા ખાતે આવેલ રેલ્વેના સ્લીપર બનાવતી સુબ્રમનીયન કંપનીમાં કામદારો જીવના જોખમે કામક રી રહ્યા છે. સુબ્રમનીયન કંપની દ્વારા કામદારોની સુરક્ષા માટે કોઈપણ જાતની સેફટી સુવિધા આપવામાં આવતી નથી. જેના કારણે કોઈ મોટો અકસ્માત સર્જાય તે નકરી શકાય નહિ. ત્યારે સુબ્રમનીયન કંપની કામદારો સાથે કોઈ હોનારત સર્જાય તેની રાહ જોઈ રહી છે. તેવા અનેક સવાલો કામદારોના મનમાં ઉઠી રહ્યા છે. તો બીજી તરફ સુબ્રમનીયન કંપનીમાં કામ કરતાં કામદારોની સુરક્ષા માટે હેલ્મેટ, બુટ, યુનિફોર્મ તેમજ અન્ય સુરક્ષા માટે તકેદારી રાખવામાં



આવતી નથી. તે મોટો સવાલ છે કે, રેલ્વે સ્લીપર બનાવતી કંપનીમાં કામદારોની સેફટી અને સુરક્ષાના સાધનો કંપની દ્વારા બે વર્ષથી આપવામાં આવતાં નથી અને સુબ્રમનીયન કંપનીઓ સુરક્ષાના સાધનો કામદારોને નહિ આપી કામદારોના હક મારી કંપનીએ પોતાનો ફાયદો કર્યો હોય તેવું લાગી રહ્યું છે.

## ગોધરા સ્ટેશન રોડ લાઈફ લાઈન હોસ્પિટલ ખાતે બાળ રોગ તબીબોનો કેમ્પ યોજાયો




ગોધરા,
ગોધરા સ્ટેશન રોડ ખાતે આવેલ વિખ્યાત લાઈફલાઈન હોસ્પિટલમાં આજ રોજ વિશેષ બાળ રોગ નિષ્ણાંત તબીબોનો કેમ્પ રાખવામાં આવ્યો હતો. આ કેમ્પમાં અમદાવાદની એશિયન ચિલ્ડ્રન હોસ્પિટલના પ્રખ્યાત માનવતાવાદી તબીબો એવા ડો. ઈમરાન પટેલ અને બાળકો તજજ્ઞ એવા બાળકોના સર્જન ડો. તાહા દાગીનાવાલા અને બાળ મગજના ગુજરાતના માત્ર એક તબીબ એવા ડો. ઝુલફીકાર લુહાર પોતાનો કિમંતી અને અમૂલ્ય સમય ફાળવીને કેમ્પમાં સેવા આપી હતી. આ કેમ્પમાં ૪૦૦ ઉપરાંત દર્દીઓએ લાભ લીધો હતો. આ કેમ્પમાં લાઈફલાઈન હોસ્પિટલ દ્વારા નિઃશુલ્ક યોજવામાં આવ્યો હતો. જેમાં તમામ દર્દીઓને ડોકટરે લખ્યા પ્રમાણેની દવાઓ પણ હોસ્પિટલ તરફથી મફત આપવામાં આવી હતી.

## શહેરા ખાતે સિપાઈ મુસ્લિમ કસ્બા પંચનો ૧૧મો સમુહલગ્ન યોજાયો


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
શહેરા ખાતે સિપાઈ મુસ્લિમ કસ્બા પંચ દ્વારા ૧૧માં સમુહલગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું,જેમાં ૩૫ જેટલા જોડાના નિકાહ પઢાવવામાં આવ્યા હતા

લગ્નમાં થતા ખોટા ખર્ચ તેમજ સભ્ય સમાજમાં ઘર કરી ગયેલ કુરિવાજો દૂર થાય તેવા ઉમદા ઉદ્દેશ્ય સાથે પંચમહાલ જિલ્લાના શહેરામાં સિપાઈ મુસ્લિમ કસ્બા પંચ દ્વારા છેલ્લા ૧૦ વર્ષથી સમુહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવે છે. ત્યારે આ વર્ષે પણ સિપાઈ મુસ્લિમ કસ્બા પંચ દ્વારા ૧૧માં સમુહ લગ્નોત્સવનું આયોજન કરાયું હતું. આ સમુહ લગ્ન રવિવારના રોજ શહેરા નગરમાં આવેલ હુસેની ચોક ખાતે યોજાયો હતો. જેમાં મુસ્લિમ સમાજના ૩૫ જેટલા નવયુગલ જોડાવા સાથે સરિયતે ઈસ્લામ મુજબ નિકાહ પઢાવવામાં આવ્યા હતા. સાથે સિપાઈ મુસ્લિમ પંચ દ્વારા તમામ નવયુગલ જોડાઓને જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી. આમ, વર્ષ દરમિયાન યોજાતા આજના સમુહ લગ્નમાં મુસ્લિમ સમાજના અગ્રણીઓ સહિત સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને નવયુગલ જોડાઓને દુઆઓ આપી પોતાની યથા શક્તિ મુજબ મદદપુરી પાડી હતી.

## ગોધરા પાલિકા વિસ્તારમાં ચાલતા વિકાસના કામો મહેસાણાની એજન્સી દ્વારા હલ્કી ગુણવતા કરતાં કામોની થર્ડ પાર્ટી ઈન્સ્પેકશન કરવાની માંગ

ગોધરા,
ગોધરા નગર પાલિકા વિસ્તારમાં વિકાસના કામો જે એજન્સીને સોંપવામાં આવ્યા છે. તે કામો આર.એમ.સી. મારફતે કામગીરી કરવાની હતી. તેની જગ્યાએ સાદા મીક્ષચર મશીનથી કરી વર્ક ઓર્ડર અને એસ્ટીમેન્ટ વિરૂદ્ધ હલ્કી ગુણવતાની કામગીરી કરવામાં આવી હોય ત્યારે વિકાસના કામોનું થર્ડ પાર્ટી ઈન્સ્પેકશન કરાવી કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ સાથે પાલિકા સભ્ય દ્વારા ચીફ ઓફિસરને લેખિત રજુઆત કરવામાં આવી.

ગોધરા શહેર પાલિકા વિસ્તારના રોડ રસ્તાના વિકાસના કામો જય કોર્પોરિશન મહેસાણા નામની એજન્સીને સોંપવામાં આવેલ છે. જે કામો આર.એમ.સી. મારફતે કામગીરી કરવાની હતી પરંતુ આ એજન્સીએ નિયમ વિરૂદ્ધ સાદા મીક્ષચર મશીનથી કામગીરી કરેલ હોય તે વર્ક ઓર્ડર અને એસ્ટીમેન્ટના વિરૂદ્ધ છે અને સાદા મીક્ષચર મશીનથી હલ્કી ગુણવતાની કામગીરી કરવામાં આવતાં મોટાભાગના રસ્તાઓ હાલમાં તુટી ગયેલ હોય તમામ કામોની થર્ડ પાર્ટી ઈન્સ્પેકશન કરાવી આ એજન્સી વિરૂદ્ધ કાર્યવાહી કરવામાં આવે તેમજ તપાસ દરમિયાન એજન્સી દ્વારા કરેલ કામોમાં ગેરરીતિ સાબિત થાય તો એજન્સીની ડીપોઝીટ અને બીલોનું ચુકવણું નહિં કરવું કરેલ બીલોનું ચુકવણું એજન્સી પાસેથી પરત લેવામાં આવે તેવી માંગ સાથે પાલિકા સભ્ય હનીફ એ. કલંદર દ્વારા પાલિકા ચીફ ઓફિસરને લેખિત રજુઆત કરાઈ.

## ગોધરા પાલિકા દ્વારા વેરા વધારાની જાહેરાત કરાઈ તે સ્થગીત કરાય તેવી સામાજીક કાર્યકર દ્વારા સી.ઓ.ને રજુઆત

ગોધરા,
ગોધરા નગર પાલિકા જાહેરનામું બહાર પાડી નગરજનો સફાઈ, લાઈટ અને પાણીના વેરાની વધારવાની જાહેરાત કરેલ છે. લોકડાઉન પછી લોકોની આવકમાં વધારો થયો નથી. ત્યારે આવા વેરા વધારાના નિર્ણયને સ્થગિત કરવામાં આવે તેવી સામાજીક કાર્યકર દ્વારા લેખિત રજુઆત કરાઈ.

ગોધરા નગર પાલિકા દ્વારા જાહેરનામું બહાર પાડીને નગરજનોના માથે સફાઈ, લાઈટ અને પાણીના વેરાના વધારવાની જાહેરાત કરવામાં આવી હતી. તે શહેરના નગરજનોને પોસાય તેમ નથી. લોકડાઉન પછી નોકરી–ધંધાઓ જોઈએ તેટલા ચાલી શકયા નથી. તેમાં પણ લોકડાઉનમાં ઉછીના નાણાં કે લોનનો બોજો પણ લોકો ઉપર હોય આવકમાં વધારો થયો નથી. ત્યારે પાલિકા દ્વારા વેરામાં વધારાનો નિર્ણય કરવામાં આવ્યો છે. તે હાલ પુરતો સ્થગિત કરવામાં આવે તેવી માંગ સાથે સામાજીક કાર્યકર સંજયભાઈ ટહેલ્યાણી દ્વારા પાલિકા ચીફ ઓફિસરને લેખિત રજુઆત કરાઈ છે.

## ગોધરા શહેરમાં આગામી ૧૨ ફેબ્રઆરીના રોજ ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને કપડાંનું વિતરણ કરવામાં આવશે

ગોધરા,
સમાજના આર્થિક રીતે નબળા અને જરૂરિયાતમંદ લોકોને મદદરૂપ થવાના હેતુથી ન્યૂજર્સી અમેરિકાના સુભાષભાઈ શાહે એક સેવાકીય પ્રવૃત્તિ શરૂ કરી છે. પોતાના પત્ની સ્વર્ગસ્થ ભગવતીબેનની ઈચ્છાને મૂર્તિમંત કરવા તેમને નવીન અભિગમ સાથે સેવા યજ્ઞ શરૂ કર્યો છે. જેને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. દાનના મહિમામાં અન્નદાન પછી વસ્ત્ર દાનને મહત્વ અપાય છે. સ્વર્ગસ્થ ભગવતીબેનની ઈચ્છા મુજબ વપરાયેલા પરંતુ સારી સ્થિતિમાં હોય એવા કપડાં વતનમાં તથા ગુજરાતના વિવિધ ગામોમાં આર્થિક રીતે નબળા જરૂરિયાતમંદ લોકોને માત્ર રૂ.૨૫ લઈને આપવામાં આવી રહ્યા છે. એમાંથી થતી આવક સંસ્થાની અન્ય સેવાકીય પ્રવૃત્તિમાં ખર્ચ કરવામાં આવે છે. લાયન્સ ક્લબ ગોધરા તથા સાંઈબાબા આરોગ્ય સેવા ટ્રસ્ટ ગોધરાના ડોક્ટર યોગેશ જોશીના સહયોગથી તા.૧૨ ફેબ્રુઆરી રવિવારે સવારના ૧૦ થી ૧ દરમિયાન પાંજરાપોળ રોડ, ગોધરા ખાતે કપડાં વિતરણ કરવામાં આવનાર છે. તો જરૂરિયાતમંદોને લાભ લેવા વિનંતી કરવામાં આવી છે.

## ગોધરા શહેર બી ડિવિઝન પોલીસ અને અગ્નિવીર ટીમે રહેમતનગર ફરીદ મસ્જિદ પાસેથી એક ગૌવંશને કતલ થતાં ઉગારી લીધા

ગોધરા,
પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરા શહેર બી ડિવિઝન પોલીસ અને અગ્નિવીર ટીમને બાતમી મળી હતી કે, ગોધરા શહેરના રહેમતનગર વિસ્તારમાં આવેલ ફરીદ મસ્જિદ પાસે મેશરી નદીના ઢાળમાં ઈસ્માઈલ યાકુબ બોકડાં ચપરાસી ઉર્ફે અમદાવાદી એ પોતાના રહેણાંક મકાનની પાછળ ઝાડીઓમાં કેટલાક ગૌવંશ કતલ કરવામાં ઈરાદે બાંધી રાખ્યા છે. જેના આધારે પોલીસે બાતમી મુજબના વિસ્તારમાં છાપો મારતાં બાતમી મુજબની ઈસમ નાસી છૂટયો હતો. પોલીસે સ્થળ પરથી ક્રૂરતાપૂર્વક બાંધી રાખેલ એક ગૌવંશને ઉગારી લીધો હતો. પોલીસે ગૌવંશને ઉગારી લઈ પાંજરાપોળ ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. જયારે ગૌવંશને કતલના ઈરાદે રાખનાર ઈસમ ઈસ્માઈલ યાકુબ બોકડા સામે ગોધરા શહેર બી ડિવિઝન પોલીસ મથકે પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ કાયદા હેઠળ ગુનો નોંધ્યો હતો.

## પંચમહાલ જિલ્લાની તમામ કોર્ટોમાં આગામી તા.૧૧મી ફેબ્રુઆરી,૨૦૨૩ના રોજ રાષ્ટ્રિય લોક-અદાલત યોજાશે

ગોધરા,
નામદાર રાષ્ટ્રિય કાનૂની સેવા સત્તા મંડળ–નાલ્સા, ન્યૂ દિલ્હીના આદેશથી તેમજ નામદાર ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળ,અમદાવાદના માર્ગદર્શન હેઠળ પંચમહાલ જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ દ્વારા આગામી તા.૧૧મી ફેબ્રુઆરી, ૨૦૨૩ શનિવારના રોજ ગોધરા જિલ્લા મથકની અદાલતોની સાથે–સાથે શહેરા, મોરવા (હ.), કાલોલ, હાલોલ, ઘોઘંબા, જાંબુઘોડા તાલુકા મથકોની તમામ કોર્ટોમાં, નામદાર અધ્યક્ષ, જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, પંચમહાલ અને પ્રિન્સીપલ ડિસ્ટ્રીક એન્ડ સેશન્સ કોર્ટ જિલ્લા અદાલત પંચમહાલના અધ્યક્ષસ્થાને નેશનલ લોક–અદાલત યોજવામાં આવશે. જેમાં તમામ પ્રકારના સમાધાનપાત્ર પેન્ડિંગ કેસો જેમ કે, ક્રિમીનલ કંમ્પાઉન્ડેબલ ઓફેન્સ, નેગોશીએબલ ઈનસ્ટુમેન્ટ એકટ–૧૩૮ હેઠળના કેસો, બેંક રિકવરીના કેસો, એમ.એ.સી.ટી. કેસો, મેટ્રીમોનીયલ કેસો, લેબર ડીસ્પ્યુટ કેસો, ઈલેકટ્રીક અને વોટર બીલ (ચોરીના નોન–કંપાઉન્ડેબલ સિવાય) કેસો, સર્વિસ મેટર જેમાં પગાર ભથ્થાં અને નિવૃત્તિના લાભોને લગતાં કેસો, એલ.એ.આર., રેવન્યુ કેસો, અન્ય સીવીલ કેસો (રેન્ટ, ઈઝમેન્ટરી રાઈટસ, ઈન્જેકશન શુટ, સ્પેસીફીક પરફોર્મેન્સ શુટ) અને પ્રિ–લીટીગેશન કેસો વિગેરે સમાધાન અર્થે મૂકી શકાશે. નેશનલ લોક અદાલત થકી વધુમાં વધુ લોકો સમાધાનથી – વિવાદમુકત બને તે હેતુથી આ સમગ્ર આયોજન કરાશે.જેમાં સમાધાન કરવા ઈચ્છા ધરાવતા તમામ પક્ષકારોને સંબંધિત કોર્ટોનો અથવા જિલ્લા કાનુની સેવા સત્તા, ગોધરા, ડીસ્ટ્રીકટ કોર્ટ કંપાઉન્ડ, સીવીલ અને ક્રીમીનલ કોર્ટ બિલ્ડીંગ, બીજો માળ રૂમ નં.૩૨૩ ખાતે સંપર્ક કરવા સચિવ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ પંચમહાલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## પંચમહાલ ગોધરા રેન્જ નાયબ પોલીસ મહાનિરીક્ષકના માર્ગદર્શન હેઠળ સેમીનાર યોજાયો

ગોધરા,
પંચમહાલ ગોધરા રેન્જ નાયબ પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડીયાના માર્ગદર્શન હેઠળ સાયબર કાઈમ થી બચવા ગોધરાના મહિલા એડવોકેટ જલ ચોકસી ભગત અને વર્ષાબેન ભગત દ્વારા સેમીનાર યોજેલ હતો. જેમાં કુલ ૭૦ થી ૮૦ બહેનો હાજર રહ્યા હતા. કોલેજના ટ્રસ્ટી દિલીપભાઈ પટેલનો સાથ સહકાર તેમજ સોની સમાજની બહેનો જયોતિ ચોકસી, રૂપલબેન, હરીતાબેન, ચંદ્રિકાબેન, પ્રાંજલિબેન અને દીપ્તિબેન મંકોડી હાજર રહ્યા હતા.

## ગોધરા શહેર બી ડિવિઝન પોલીસે મીઠીખાન મહોલ્લા નજીકથી રહેણાંક મકાનમાં ગૌમાંસનું વેચાણ કરતી બે બહેનોને ઝડપી

ગોધરા,
ગોધરા શહેર ડિવિઝન પોલીસમથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં નીકળ્યો હતો. ત્યારે તેઓને બાતમી મળી હતી કે, ગોધરા શહેરના મીઠીખાન મહોલ્લા વિસ્તારમાં ખંધુક સ્કૂલ સામે એક મહિલા પોતાના રહેણાંક મકાનમાં ગૌમાંસનો જથ્થો રાખીને વેચાણ કરે છે. જેના આધારે શહેર બી ડિવિઝન પોલીસે ગત ૨ તારીખે સવારના સમયે છાપો માર્યો હતો. પોલીસે બાતમી મુજબના રહેણાંક મકાન માંથી ૧૬ કિલોગ્રામ ગૌમાંસનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ગૌમાંસનો જથ્થો કબજે લઈને પરીક્ષણ અર્થે મોકલ્યો હતો. જે ગૌમાંસ હોવાનું પુરવાર થયું હતું. જેને લઈને ગૌમાંસનું વેચાણ કરનાર બે મહિલાઓને ગૌમાંસનો જથ્થો વેચાણ માટે આપી જનાર તૈયબ અબ્દુલરહીમ ગીતેલી સામે પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ કાયદા હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

## ગોધરા શહેરના પહેલ ચેરીટેબલ ટ્રસ્ટની અનોખી અને ઉમદા પહેલ

ગોધરા,
ગોધરા શહેરના પહેલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આજ રોજ પ્રથમ સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૨૨ યુગલો આ સમૂહ લગ્નમાં લગ્નગ્રંથિથી જોડાયાં હતા. ગોધરા શહેરના કુબા મસ્જિદ પાસે હુસેની ચોકમાં પહેલ ચેરીટેબલ ટ્રસ્ટ, ગોધરા દ્વારા પ્રથમવાર પહેલ કરી ભવ્ય સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આ સમૂહ લગ્નનું આયોજન કરવાનો મુખ્ય ઉદ્દેશ્ય એ હતો કે સમાજના ગરીબ અને જરૂરિયાતમંદ યુવક–યુવતીઓના લગ્ન નાણાંભીડના કારણે થઈ શકતા નથી અને તેઓના લગ્નમાં રૂકાવટ આવે છે. ત્યારે પહેલ ચેરીટેબલ ટ્રસ્ટ ગોધરા દ્વારા દુલ્હન પાસે થી માત્ર રૂ.૧૧૧ અને દુલ્હા પાસેથી માત્ર રૂ.૧૧૧૧ નજીવી રકમ લઈ સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમૂહ લગ્નમાં દાતાઓ તેમજ સમાજના ભાઈઓ અને બહેનોનો ખૂબ સાથ સહકાર મળ્યો હતો. ત્યારે દુલ્હા અને દુલ્હનને આશીર્વાદ આપવા માટે પણ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.141